# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૭ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૨૨



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● સમભાવકા લક્ષણ ઐસા હૈ કિ જીવિત, મરણ, લાભ, અલાભ, સુખ, દુ:ખાદિ સબકો સમાન જાને, જો અનંત સિદ્ધ હુએ ઔર હોવેંગે, યહ સબ સમભાવકા પ્રભાવ હૈ. સમભાવસે મોક્ષ મિલતા હૈ. કૈસા હૈ વહ મોક્ષસ્થાન, જો અત્યંત અદ્‌ભુત અચિંત્ય કેવલજ્ઞાનાદિ અનંત ગુણોંકા સ્થાન હૈ. યહાં વહ વ્યાખ્યાન જાનકર રાગદ્વેષકો છોડકે શુદ્ધાત્માકે અનુભવરૂપ જો સમભાવ ઉસકા સેવન સદા કરના ચાહિયે યહી ઈસ ગ્રંથકા અભિપ્રાય હૈ. ૧૯૬૬. (શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, ગાથા-૧૦૦)

● અનેક પ્રકારની બાહ્ય ક્રિયાઓના ક્લેશથી કોઈ મોક્ષ પામી શકતું નથી અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં ક્લેશ વિના જ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનજ્યોતિ સમસ્ત જીવોના અંતરંગમાં રહે છે, તે મન, વચન, કાય અને યુક્તિથી અગમ્ય છે. હે ભવ્યો ! પોતપોતાની જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને સંસારથી મુક્ત થાવ. ૧૯૬૭.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ-૨૬-૨૭)

● ઈસ જગતમેં કોઈ ઐસા સ્થાન નહીં રહા, જહાં પર યહ નિશ્ચય-વ્યવહારરત્નત્રયકો કહનેવાલે જિન-વચનકો નહીં પાતા હુઆ અનાદિકાલસે ચૌરાસીલાખ યોનિયોંમેં હોકર ન ઘૂમા હો અર્થાત્ જિન-વચનકી પ્રતીતિ ન કરનેસે સબ જગહ ઔર સબ યોનિયોંમેં ભ્રમણ કિયા, જન્મ-મરણ કિયે. યહાં યહ તાત્પર્ય હૈ કિ જિનવચનકે ન પાનેસે યહ જીવ જગતમેં ભ્રમા, ઈસલિયે જિન-વચન હી આરાધને યોગ્ય હૈ. ૧૫૬૮. (શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા-૬૫)

● સર્વ જિનમતનું ચિહ્ન સ્યાદ્‌વાદ છે. સ્યાત્ પદનો અર્થ કથંચિત્ છે માટે જે ઉપદેશ હોય તેને સર્વથારૂપ ન જાણી લેવો પણ ઉપદેશના અર્થને જાણી ત્યાં આટલો વિચાર કરવો કે આ ઉપદેશ ક્યા પ્રકારે છે, ક્યા પ્રયોજન સહિત છે અને ક્યા જીવને કાર્યકારી છે. ઈત્યાદિ વિચાર કરી તેના યથાર્થ અર્થને ગ્રહણ કરવો. પછી પોતાની દશા દેખે, એ ઉપદેશ જેમ પોતાને કાર્યકારી થાય તે પ્રમાણે તેને પોતે અંગીકાર કરવો. ૧૯૬૯. (શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ-૮, પાનું-૩૦૨)

● એક તરફથી જોતા કષાયોનો ક્લેશ દેખાય છે અને એક તરફથી જોતાં શાંતિ છે, એક તરફથી જોતાં ભવની (સંસાર સંબંધી) પીડા દેખાય છે અને એક તરફથી જોતાં (સંસારના અભાવરૂપ) મુક્તિ પણ સ્પર્શે છે, એક તરફથી જોતાં ત્રણ લોક સ્ફુરાયમાન છે અને એક તરફથી જોતાં કેવળ એક ચૈતન્ય જ શોભે છે. (આવો) આત્માનો અદ્‌ભૂતથી અદ્‌ભૂત સ્વભાવ મહિમા જયવંત વર્તે છે. (કોઈથી બાધિત થતો નથી). ૧૯૭૦. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૭૪)

વર્ષ–૧૭
અંક–૪




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત ૨૦૭૮
December A.D. 2022



## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




### સમયસાર એટલે અનુભૂતિરૂપ થયેલો આત્મા

(સમયસારની ૧૪૪ ગાથા ઉપર પ્રવચન)

સમ્યગ્દર્શન માટે જ્ઞાનની પર્યાય દ્વારા આત્માના સ્વભાવનો નિર્ણય કરવાની આ વાત છે. ભગવાનના આગમ જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરાવવા માંગે છે. જ્ઞાનને ભૂલીને, રાગના ને શરીરના પ્રેમથી જીવે ભવચક્રમાં ભવ ધારણ કરી કરીને અનંતા શરીર બદલાવ્યા છે. શરીરથી, રાગથી ને જગતથી જુદો જ્ઞાનસ્વભાવ છે—તે હું છું—એમ એકવાર નિશ્ચય કરે તો આખી દિશા બદલી જાય. જ્ઞાનસ્વભાવ હું છું—એમ કોઈ બીજાના કારણે કે રાગના કારણે જાણતો નથી, પણ પોતાના જ્ઞાનવડે જ પોતાના જ્ઞાનસ્વભાવને જાણે છે. વીતરાગી શાસ્ત્રો પણ એમ કહે છે કે તારો જ્ઞાનસ્વભાવ શાસ્ત્રના અવલંબન વગરનો છે. તે પ્રમાણે નક્કી કર્યા પછી જ્ઞાનને અંતરમાં વાળતાં આત્મા સાચા વેદનમાં આવે છે, ને ત્યારે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનપણે ભગવાન આત્મા પ્રગટ પ્રસિદ્ધ થાય છે. મતિ-શ્રુતજ્ઞાનમાં આત્માનું અતીન્દ્રિય સ્વસંવેદન કરવાની તાકાત છે. સ્વસંવેદન તરફ જ્ઞાન ઝુક્યું ત્યાં તે નિર્વિકલ્પ—અતીન્દ્રિય થઈ જાય છે; ને અનંત ગુણના આનંદને તે વેદે છે...અહો ! આવો આત્મા હું—એમ સાક્ષાત્ વેદનપૂર્વક સમ્યગ્દર્શન થાય છે.

| | |
|---|---|
| કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,<br>આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬. | પરમાગમ<br>શ્રી સમયસાર |

સમ્યગ્દર્શન થવા કાળે અનુભૂતિમાં એકલા આત્માની પ્રસિદ્ધિ છે. પરપદાર્થની પ્રસિદ્ધિ ત્યાં નથી; પરપદાર્થની પ્રસિદ્ધિમાં મન–ઇન્દ્રિયનું અવલંબન છે, તેને છોડીને મતિ-શ્રુતજ્ઞાને પોતાના જ્ઞાનસ્વભાવનું અવલંબન લીધું ત્યાં અતીન્દ્રિયજ્ઞાનમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે–પ્રગટ અનુભવમાં આવે છે.

ઇન્દ્રિય તરફ ઝુકેલું જ્ઞાન ભગવાન આત્માને પ્રસિદ્ધ કરી શકતું નથી. તેમજ મનના વિકલ્પો તરફ ઝુકેલું (–તેનાથી લાભ માનનારું) જ્ઞાન પણ વિકલ્પાતીત જ્ઞાનસ્વભાવને અનુભવી શકતું નથી. જ્ઞાનસ્વભાવી ભગવાન આત્માને પ્રસિદ્ધ કરવા માટે, એટલે કે સાક્ષાત્ અનુભવમાં લેવા માટે તેના તરફ જ્ઞાનપર્યાય વાળવી જોઈએ, તેની સન્મુખ થાય ત્યારે જ તેને જાણી શકે છે. જ્ઞાન અંતર્મુખ થઈને આત્માને અનુભવે ત્યાં તે અનુભૂતિમાં કોઈ નયના વિકલ્પો રહેતાં નથી, ત્યાં નયપક્ષનું આલંબન નથી, ત્યાં એક જ્ઞાનસ્વભાવનું જ આલંબન છે, પર્યાય અંતર્મુખ થઈને તેમાં એકાગ્ર થઈ છે. ત્યાં વીતરાગી આનંદનું જ વેદન છે, ત્યાં કોઈ આકુળતા નથી. અહા, આવી અનુભૂતિની શી વાત ! આવી અનુભૂતિ થાય ત્યારે સમ્યગ્દર્શન થયું કહેવાય.

આત્માનો સુખસ્વભાવ અનાકુળ છે, ને વિકલ્પો તો આકુળતા ઉપજાવનારા હોવાથી દુઃખરૂપ છે. જ્ઞાનમાં દુઃખ કે આકુળતા ન હોય; વિકલ્પોમાં સુખ ન હોય. બંનેની જાત જ જુદી છે. વિકલ્પ–પછી ભલે તે આત્માના સંબંધમાં હોય–પણ તેમાં આકુળતા છે; વિકલ્પથી ભિન્ન જ્ઞાન છે, તે જ્ઞાન અંતર્મુખ થતાં વિકલ્પરહિત નીરાકુળ અતીન્દ્રિય શાંતિનું વેદન થાય છે. તે વેદનને ધર્મી જ જાણે છે. અનુભૂતિમાં ધર્મીને તો કેવળજ્ઞાનના ખજાના ખૂલ્યા છે. અહા, જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા તો નિર્વિકલ્પ આનંદની પેટી છે, આનંદનો પટારો છે, જેમ પટારામાં વૈભવ ભર્યો હોય તે દેખીને લોકો ખુશી થાય છે તેમ ચૈતન્યના પટારામાં અતીન્દ્રિય આનંદ વગેરે અનંત ગુણોનો ખજાનો ભર્યો છે. તેને અંતર્મુખ જ્ઞાન વડે દેખીને ધર્મીજીવ પ્રસન્ન થાય છે–આનંદિત થાય છે. આત્મસન્મુખ થયેલા પરિણામ તે સમ્યગ્દર્શનનું કારણ છે, આત્મસન્મુખ થયેલા પરિણામ તે પોતે શાંતિ છે, તે પોતે સમ્યગ્દર્શન છે, તે પોતે સમ્યગ્જ્ઞાન વગેરે છે. સાધક ભૂમિકામાં હજી રાગાદિભાવ છે તે અંતરના સ્વસન્મુખ પરિણામથી જુદા છે; ધર્મીની અનુભૂતિથી તે જુદા છે. સમ્યગ્દર્શનની જે અનુભૂતિ છે તેમાં કોઈ રાગ કે વિકલ્પ નથી. શ્રુતજ્ઞાન સાથે વિકલ્પ હોય તે કાંઈ જ્ઞાનનું સ્વરૂપ નથી, એટલે જ્ઞાન જ્યાં અંતરમાં ઢળ્યું ત્યાં વિકલ્પો બધા જુદા

**જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્‌ગલના બને,**
**તો જીવ ને પુદ્‌ગલ ઉભય પણ કર્મપણું પામે અરે ! ૧૩૭.**

પડી ગયા—બહારમાં રહી ગયા. એકવાર જ્ઞાન વિકલ્પથી છૂટું પડ્યું તે ફરીને વિકલ્પ સાથે કદી એકપણે પરિણમતું નથી. જ્ઞાનરૂપ નિજરસવડે જ આત્મા પ્રસિદ્ધ થાય છે જણાય છે. ઈન્દ્રિયના સહારાથી કે વિકલ્પના અવલંબનથી આત્માને જાણી શકાય નહિ. આત્માની અનુભૂતિ પક્ષાતિક્રાંત છે, વિકલ્પાતીત છે, તે અંતરના અતીન્દ્રિય જ્ઞાન વડે જ સ્વસંવેદનમાં આવે તેવો છે. આવી અનુભૂતિ કરનાર આત્મા વિશ્વ ઉપર તરતો હોય એમ પોતાને બધાથી ભિન્ન અનુભવે છે. પોતાના અનુભવમાં જે તત્ત્વ આવ્યું તેવું જ તત્ત્વ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે—એમ તે નિઃશંક જાણે છે. અનુભૂતિ થતાં નિર્મળ પર્યાય દ્રવ્યમાં પ્રસરી ગઈ એમ કહેવાય છે. રાગથી જ્ઞાન ભિન્ન રહે છે એટલે કે તે તરતું છે. જ્ઞાન રાગમાં તન્મય થઈને ડૂબી જતું નથી પણ રાગથી છૂટું ને છૂટું, તરતું ને તરતું જ રહે છે. રાગથી ભિન્ન આત્માની અનુભૂતિ વખતે જ આત્મા સાચા સ્વરૂપે દેખાય છે—શ્રદ્ધાય છે અને જણાય છે—આ રીતે અનુભૂતિસ્વરૂપ થયેલો આત્મા જ પોતે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે; તેમજ અનંતગુણનો સ્વાદ એમાં સમાય છે.

શ્રુતજ્ઞાનમાં આકુળતા નથી. પણ વિકલ્પમાં આકુળતા હતી. જ્યાં શ્રુતજ્ઞાન વિકલ્પથી પાર થઈને અંતરમાં વળ્યું ત્યાં નિર્વિકલ્પ આનંદનું વેદન થયું. અનુભવની આ રીત છે, સૌથી પહેલાં હિતનો માર્ગ આ છે. આવા અનુભવ વગર બીજા કોઈના અવલંબને આત્માનું હિત થતું નથી. તારું કાર્ય સ્વાધીનપણે તારાથી થાય છે. સંતોએ તેની રીત બતાવી છે પણ તે કરવું તારા હાથમાં છે. જેણે અંતર્મુખ થઈને આત્માનો અનુભવ કર્યો તે જીવ હિતના પંથે ચડ્યો, તે જીવ કેવળજ્ઞાન અને સિદ્ધપદને પાત્ર થયો.... અને તે જ 'સમયસાર' છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ) (નિયમસાર પ્રવચન)

છે. શુક્લ લેશ્યા શુભ તરીકે સૌથી ઊંચી છે, ને કૃષ્ણ લેશ્યા સૌથી ભૂંડી છે. શુક્લ—પદ્મ ને પીત એ ત્રણ શુભલેશ્યાઓ છે, ને કૃષ્ણ—નીલ ને કાપોત એ ત્રણ અશુભલેશ્યાઓ છે. અજ્ઞાની જીવને પણ છયે લેશ્યાઓ હોઈ શકે છે. શુક્લ લેશ્યા તે પણ ધર્મ નથી, કેમ કે તે ઔદયિકભાવરૂપ છે. શુક્લધ્યાન તે ઔપશમિક કે ક્ષાયિકભાવરૂપ છે, તેથી તે ધર્મ છે. શુભ કે અશુભ બધી લેશ્યાઓ બંધનું જ કારણ છે. આ એકવીસ પ્રકારના ઔદયિકભાવો કહ્યા તે જીવનું મૂળ સ્વરૂપ નથી. (ક્રમશઃ) ❊

પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્ગલદ્રવ્યને,
જીવભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮.




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૨, શુક્રવાર) (ગાથા ૪૧)

**૨. વિશુદ્ધલબ્ધિ :—**ઉપશમભાવને એટલે કે વિશુદ્ધપરિણામને ઉપશમલબ્ધિ અથવા વિશુદ્ધલબ્ધિ કહે છે. આ જીવનો ક્ષાયોપશમિકભાવ છે; તે ભાવ કર્મો નથી કરાવતા, પણ જીવના પુરુષાર્થથી થાય છે. સ્વભાવ સમજવાની જિજ્ઞાસા વખતે ક્રોધાદિ કષાયો મંદ પડી જાય છે તે વિશુદ્ધલબ્ધિ છે. જે જીવ તીવ્ર કષાયભાવોમાં વર્તે છે ને મંદકષાય પણ કરતો નથી તેને તો ધર્મ તરફની જિજ્ઞાસા જ હોતી નથી. આ વિશુદ્ધલબ્ધિ તે મંદકષાયરૂપ ભાવ છે, ધર્મ નથી.

**૩. ઉપદેશલબ્ધિ :—**સત્પુરુષ પાસેથી આત્મસ્વભાવની દેશના સાંભળવી તેને દેશનાલબ્ધિ અથવા ઉપદેશલબ્ધિ કહેવાય છે. સત્ સમજવા માટે સત્પુરુષની દેશના સાંભળવાનો ભાવ તે પોતાનો વર્તમાન પુરુષાર્થ છે; અને સત્પુરુષની દેશનાની પ્રાપ્તિ પૂર્વના પુણ્યને લીધે હોય છે. સત્પુરુષ મળ્યા કે વાણી મળી તેમાં કાંઈ આત્માનો ભાવ નથી, પણ સત્નું શ્રવણ કરવાની ભાવના અને સમજવાની રુચિ થઈ તે પોતાનો ક્ષાયોપશમિકભાવ છે. સંસારના વેપાર–ધંધા વગેરેમાં જે પાપભાવ છે તે તો ઔદયિકભાવ છે અને સ્વભાવ સમજવાનો તથા સત્સમાગમનો જે ભાવ થયો તે ક્ષાયોપશમિકભાવ છે. શ્રી આચાર્યદેવ માત્ર વાણીને દેશનાલબ્ધિ નથી કહેતાં, પણ 'આત્મા જ્ઞાયકસ્વભાવરૂપ, પુણ્ય-પાપથી જુદો' એમ વાણીમાં સાંભળીને તે રુચે છે અને તે સમજવાનો વર્તમાન પ્રયત્ન કરે છે તે ક્ષાયોપશમિક ભાવ છે અને તેને દેશનાલબ્ધિ કહે છે.

બહારમાં સત્નો સંયોગ મળ્યો તે પૂર્વના પુણ્યનું ફળ છે, અને વર્તમાનમાં અશુભરાગ ટાળીને સત્નું શ્રવણ કરવાનો તથા સમજવાનો ભાવ કરે છે તે પુણ્યભાવનો પુરુષાર્થ છે. 'હું આત્મા કેવો છું ? શું કરી શકું છું ? મારું કાયમી સ્વરૂપ શું છે ? ને મારે છોડવા જેવું શું છે ?'—એમ સમજવા તરફનો વિચાર કરે તે પુરુષાર્થથી થાય છે. વર્તમાનમાં સત્સમાગમ ન મળે તે પૂર્વના પુણ્યની અને વર્તમાન પાત્રતાની કચાશ છે. જે આત્માને સત્ સમજવાના પુરુષાર્થની તૈયારી હોય તે આત્માને, સત્સમાગમની પ્રાપ્તિ થાય તેવા પુણ્યનો

**જીવના, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,**
**તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરે! ૧૩૯.**

યોગ હોય જ છે. જીવની સત્ સમજવાની તૈયારી હોય અને સત્સમાગમ ન હોય એમ બને જ નહિ. નરકાદિમાં જ્યાં વર્તમાન સત્સમાગમ નથી ત્યાં સત્સમાગમના પૂર્વસંસ્કારનું સ્મરણ દેશનાલબ્ધિરૂપે હોય છે.

જીવ પોતે ધર્મનો પુરુષાર્થ કરે તો તેને ધર્મ થાય છે. અજ્ઞાની જીવ એમ માને છે કે 'કર્મમાં માંડ્યો હશે તો ધર્મ થશે ! અથવા તો કર્મો માર્ગ આપે ત્યારે ધર્મ થાય.' પરંતુ 'હું પુરુષાર્થ કરું તો ધર્મ થાય' એમ અજ્ઞાની માનતો નથી. અને શરીર સરખું રહેવું, પૈસા વગેરે આવવા–જવા વગેરે બહારનાં કર્મો પૂર્વકર્મો અનુસાર થાય છે, જીવના પુરુષાર્થથી તેમાં કાંઈ જ થતું નથી, છતાં અજ્ઞાની જીવ ત્યાં પોતાનો પુરુષાર્થ માને છે કે અમુક ખાવા-પીવામાં ધ્યાન રાખીએ તો શરીરમાં રોગ વગેરે ન થાય. આ રીતે, અજ્ઞાનીને ધર્મની રુચિ જ નથી તેથી તે જીવ, ધર્મમાં પોતાનો પુરુષાર્થ ચાલે છે તેને ન માનતાં, કર્મની ઓથ લઈને પોતે ધર્મનો પુરુષાર્થ કરતો નથી, અને પરમાં તો પોતાનો પુરુષાર્થ ચાલતો નથી છતાં ત્યાં મિથ્યા અભિમાન કરે છે. જ્ઞાની–ધર્માત્મા તો પોતાના સ્વભાવના આશ્રયે ધર્મનો પુરુષાર્થ કરે છે, અને પર પદાર્થોને આત્માથી જુદા જાણીને, તેનો અહંકાર કરતા નથી.

જો જીવ પોતે સાચો પુરુષાર્થ ન કરે તો કદી તેને ધર્મ થાય નહિ. શ્રી તીર્થંકર-ભગવાનની ધર્મસભામાં જઈને દિવ્યધ્વનિનું શ્રવણ કર્યું છતાં પોતે સત્ય પુરુષાર્થ ન કર્યો તેથી સ્વભાવ સમજ્યા વગર એવો ને એવો પાછો ફર્યો; આથી કહેવાય છે કે 'કેવળી પાસે કોરો રહી ગયો !'

**૪. પ્રાયોગ્યલબ્ધિ :—**કર્મોની પૂર્વ સત્તા ઘટીને અંતઃકોડાકોડી સાગર પ્રમાણ રહી જાય તથા નવીન બંધ પણ અંતઃકોડાકોડી સાગર પ્રમાણના સંખ્યાતમા ભાગ માત્ર થાય, તે પણ એ લબ્ધિકાળથી માંડીને ક્રમથી ઘટતો જ થાય અને કેટલીક પાપપ્રકૃતિઓનો બંધ ક્રમથી મટતો જાય, ઈત્યાદિ અવસ્થાને યોગ્ય જીવના પરિણામ થાય તેને પ્રાયોગ્યલબ્ધિ કહેવાય છે.

**૫. કરણલબ્ધિ :—**આ સૂક્ષ્મપરિણામ છે. સ્વસન્મુખ પુરુષાર્થ-વડે જીવ જ્યારે તત્ત્વવિચારમાં લીન થાય ત્યારે આ લબ્ધિરૂપ પરિણમન થઈ જાય છે; આ લબ્ધિ થતાં જીવ અવશ્ય સમ્યગ્દર્શન પામે છે.

આ પાંચે લબ્ધિઓ ક્ષાયોપશમિકભાવરૂપ છે, તેઓ જીવનું સ્વરૂપ નથી. તેમ જ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, ક્ષાયોપશમિક ચારિત્ર તથા સંયમાસંયમરૂપ ભાવ તે પણ આત્માનું સ્વરૂપ નથી. પાંચમા ગુણસ્થાને સંયમાસંયમભાવ હોય છે અને છઠ્ઠાથી દસમા ગુણસ્થાન

પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,
તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.

સુધી ક્ષાયોપશમિક ચારિત્ર હોય છે. ક્ષાયોપશમિકભાવના જે અઢારભંગ કહ્યા છે તે કોઈ આત્માનું સ્વરૂપ નથી; તે ભંગ–ભેદરૂપ અવસ્થાના લક્ષે પુણ્યભાવનો પુરુષાર્થ થાય–મંદકષાય થાય, પણ તેના લક્ષે ધર્મનો પુરુષાર્થ ન થાય—અકષાય પરિણામ ન થાય. ભંગ-ભેદરહિત, અનંત ગુણથી અભેદરૂપ અવિનાશી ચૈતન્યપિંડ ત્રિકાળ શુદ્ધ છે, તેના લક્ષે મુક્તિનો પુરુષાર્થ થાય છે. અવસ્થાના લક્ષે માત્ર અશુભ ટાળીને શુભ પરિણામ થાય છે; પૂર્ણ સ્વભાવમાં દૃષ્ટિ તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને મુક્તિનું કારણ છે.

ક્ષાયોપશમિકભાવના અઢાર પ્રકારોનું વર્ણન કરીને હવે ઔદયિકભાવના એકવીસ પ્રકારો જણાવે છે. નરક-તિર્યંચ-મનુષ્ય-દેવ એ ચાર ગતિ, ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાય, સ્ત્રી-પુરુષ-નપુંસક એ ત્રણ લિંગ, સામાન્ય સંગ્રહનયની અપેક્ષાએ એક મિથ્યાદર્શન–એક અજ્ઞાન–એક અસંયમ–એક અસિદ્ધત્વ, તથા શુક્લ-પદ્મ-પીત-કાપોત-નીલ-કૃષ્ણ એ છ લેશ્યા—આ પ્રમાણે ઔદયિકભાવના એકવીસ ભેદ છે.

નારકી-મનુષ્ય વગેરેનું શરીર તો જડ છે, તે કાંઈ ઔદયિકભાવ નથી, પણ તે શરીરના નિમિત્તે જીવના પ્રદેશોની રચના તેમ જ 'હું મનુષ્ય છું' વગેરે ભાવો થાય તે ઔદયિકભાવ છે. તે જ પ્રમાણે સ્ત્રીલિંગ-પુરુષલિંગ વગેરે કહ્યા તે જડ શરીર ન સમજવા પણ આત્માના તે પ્રકારના વિકારભાવો સમજવા. મિથ્યાદર્શન, અજ્ઞાન વગેરેના સૂક્ષ્મપણે તો અનેક પ્રકાર છે પરંતુ તે બધાને મિથ્યાદર્શન, અજ્ઞાન વગેરેમાં સામાન્યપણે સમાવી દીધા, તે સામાન્ય સંગ્રહનય છે; અસિદ્ધત્વ એટલે સંસારદશા, તે રહે ત્યાંસુધી ઔદયિકભાવ છે. શુક્લ વગેરે છ લેશ્યાઓ તે વિકારભાવ છે. શુક્લ લેશ્યા પણ વિકારભાવ છે, જીવ જ્યારે કર્મના ઉદયમાં જોડાય ત્યારે જ તેની ઉત્પત્તિ થાય છે. જીવના કષાયભાવની મંદતા-તીવ્રતા અનુસાર છ પ્રકારની લેશ્યાઓ છે. તે સમજવા માટેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે :

છ પુરુષોને કેરી ખાવાની ઈચ્છા થઈ; ત્યાં એક કહે–આખા ઝાડને મૂળમાંથી કાપી નાંખો. બીજો–મોટી ડાળો કાપો. ત્રીજો–નાની ડાળી કાપો. ચોથો–કેરીનાં લૂમખાં જ તોડી લો. પાંચમો–માત્ર જરૂર પૂરતી પાકી કેરી જ તોડી લો. અને છઠ્ઠો કહે કે પાકીને નીચે ખરી પડેલી કેરી જ વીણી લો. આ છયે પુરુષોના પરિણામ ઉત્તરોત્તર એકબીજાથી મંદ છે. જો કે છયે પુરુષોને કેરી ખાવાની ઈચ્છા તે અશુભપરિણામ છે પણ અહીં માત્ર પરિણામોની તારતમ્યતા સમજવા માટેનું આ દૃષ્ટાંત છે. છયે પુરુષોને કેરી ખાવાની ઈચ્છા છે પણ તે દરેકના પરિણામની ચીકાશમાં ફેર છે. તેમ છ લેશ્યાના પરિણામમાં કષાયની તારતમ્યતા

(જુઓ અનુસંધાન પેજ નં. ૫ ઉપર)

છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ—કથિત નય વ્યવહારનું;
પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં—કથન છે નય શુદ્ધનું. ૧૪૧.



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, વસ્તુને અનેકાત્મપણું છે તો પણ અપેક્ષાથી એકાત્મપણું પણ છે એમ કહે છે :—

**जं वत्थु अणेयंतं एयंतं तं पि होदि सविपेक्खं।**
**सुयणाणेण णएहिं य णिरवेक्खं दीसदे णेव ॥२६१॥**

જુઓ, અનેકાંત છે, તે પણ કથંચિત્ અનેકાંત છે અને કથંચિત્ એકાંત પણ છે. પ્રમાણની અપેક્ષાથી જુઓ તો તે અનેકાંત છે અને નયની અપેક્ષાએ તે જ એકાંત પણ છે. સમ્યક્ એકાંતની અપેક્ષા વિના અનેકાંત હોતું નથી અર્થાત્ અનેકાંત પણ અનેકાંતરૂપ છે. અનેકાંત, તે અનેકાંત પણ છે અને એકાંત પણ છે.

આત્માની નિર્મળ પર્યાય પ્રગટ થઈ, તે કોઈ પરની અપેક્ષા રાખતી નથી, પણ પોતાના ધ્રુવદ્રવ્યની અપેક્ષા રાખે છે. ધ્રુવદ્રવ્યની અપેક્ષા વિના નિર્મળપર્યાય પ્રગટશે ક્યાંથી ? જો ધ્રુવને નહિ માને તો ધર્મ કોના આશ્રયે કરશે ? જ્યાં જ્ઞાન, રાગની રુચિ છોડીને સ્વભાવ સન્મુખ થયું, ત્યાં ધર્મ થયો. ધ્રુવદ્રવ્યના આશ્રયથી નિર્મળ પર્યાય પ્રગટ થઈ; માટે નિત્યપણું અને અનિત્યપણું બંને ધર્મ વસ્તુમાં આવી ગયા. પ્રમાણજ્ઞાનથી સિદ્ધ થયેલી વસ્તુમાં નયની અપેક્ષા લાગુ પડે છે. પરંતુ કોઈ અસત્ વસ્તુમાં નયની અપેક્ષા લાગુ પડતી નથી. સસલાના શિંગડા સમાન હમેશા અભાવરૂપ વસ્તુમાં નય વિવક્ષા લાગુ પડતી નથી.

પ્રમાણજ્ઞાન પણ સમ્યક્ એકાંતની અપેક્ષા રાખે છે. કઈ રીતે ?—દ્રવ્ય અને પર્યાય બંનેને અનેકાંતથી જાણીને, અભેદ વસ્તુની મુખ્યતા તરફ ઝુકીને સમ્યક્ એકાંત કરવાથી જ પ્રમાણજ્ઞાન થાય છે; માટે અનેકાંત પણ સમ્યક્ એકાંતની અપેક્ષા રાખે છે. સમ્યક્ એકાંત એટલે શું ? અભેદની તરફ ઝુક્યો, ત્યારે સમ્યક્ એકાંત થયું. દ્રવ્ય-પર્યાય બંનેને જાણીને સામાન્યસ્વભાવની તરફ વળીને, વિશેષને તેમાં અભેદ કરે તો પ્રમાણજ્ઞાન થાય છે. અભેદની મુખ્યતા હોવા છતાં તેમાં સન્મુખ થઈ—અભેદ થયેલી પર્યાય છે જરૂર;

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.

માટે અભેદની મુખ્યતાની અપેક્ષાએ તો સમ્યક્ એકાંત છે અને દ્રવ્ય સન્મુખ વળેલી પર્યાય પણ છે, તે દ્રવ્ય અને પર્યાય બંને અપેક્ષાએ અનેકાંત પણ છે.

જુઓ, આ સાધક જીવના સ્વભાવની તરફ ઢળવાની વાત છે. અનેકાંત અર્થાત્ સ્વથી છે અને પરથી નહિ—એમ પરથી ભિન્નતા તો જાણી અને પોતાનામાં પણ ભેદ અને અભેદ એવું અનેકાંત છે, તેમાં અભેદની તરફ ઢળવાથી જ ભેદ-અભેદનું સાચું જ્ઞાન થાય છે; માટે અનેકાંત પણ સમ્યક્ એકાંત વિના થતું નથી એટલે કે અભેદની દૃષ્ટિ વગર પ્રમાણજ્ઞાન થતું નથી અને અભેદતા છે, તે ભેદની પણ અપેક્ષા રાખે છે એટલે કે અભેદ દ્રવ્યની સન્મુખતા હોવાથી પર્યાયની શુદ્ધતા વધતી જાય છે; માટે પર્યાયમાં અનેક ભેદ પડે છે. તે ભેદોનો સ્વીકાર ન કરે તો પણ મિથ્યા એકાંત છે. સાધક જીવ, દ્રવ્ય અને પર્યાય બંનેને જાણીને, અભેદ દ્રવ્યની તરફ વળે છે, ત્યાં તેને દ્રવ્ય-પર્યાયનું એકત્વપણું વધતું જાય છે—એમ સાધક જીવ માટે આ વાત છે. જેને પૂર્ણતા થઈ ગઈ છે, તેને તો હવે કોઈ નય હોતા જ નથી. શક્તિરૂપે પૂર્ણતા છે, પર્યાયમાં અલ્પજ્ઞપણું છે; ધ્રુવ અપેક્ષાએ વસ્તુ નિત્ય છે, પર્યાય અપેક્ષાએ અનિત્ય છે, સાધકભાવ હોય ત્યાં બાધકભાવનો અંશ પણ સાથે હોય છે—વગેરે અનેક ધર્મ, વસ્તુમાં છે; તેને જેમ છે તેમ ન જાણે તો સમ્યગ્જ્ઞાન થતું નથી.

નિરપેક્ષનય મિથ્યા છે—તેમાં પરની અપેક્ષાની વાત તો નથી પણ પોતાના ધર્મની અપેક્ષાની વાત છે. વસ્તુનો પોતાનો એક ધર્મ માને અને બીજા ધર્મોને સર્વથા ન માને, તેનું નામ નિરપેક્ષનય છે અને તે મિથ્યાનય છે.

જુઓ, જેને ચૈતન્યમૂર્તિ આત્માનું ભાન થયું હોય—એવા ધર્મી જીવને જ ચક્રવર્તીપદ આદિ ઉત્કૃષ્ટ પુણ્ય બંધાય છે પરંતુ તે ધર્મીને ચૈતન્યમૂર્તિ આત્માની જ અપેક્ષા છે; તેને પુણ્યની અપેક્ષા નથી, પુણ્યનો આદર નથી.

વસ્તુના અનેક ધર્મોનું જ્ઞાન વગર વસ્તુનું સ્વરૂપ જાણી શકાતું નથી. વસ્તુના બધા ધર્મોને એક કાળમાં સાધવાવાળો પ્રમાણ છે, તથા તેને એક-એક ધર્મને ગ્રહણ કરવાવાળો નય છે; માટે એક નયને બીજા નયની સાપેક્ષતાથી જ વસ્તુની સિદ્ધિ થાય છે. પરંતુ અપેક્ષા રહિત નય અર્થાત્ નિરપેક્ષ નય વસ્તુને સાધી શકતું નથી; માટે વસ્તુ, અપેક્ષાએ અનેકાંત પણ છે—આ જાણવું જ સમ્યક્જ્ઞાન છે.

**નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.**

હવે, 'શ્રુતજ્ઞાન પરોક્ષપણે સર્વ વસ્તુને પ્રકાશે છે' એમ કહે છે :—

**सव्वं पि अणेयंतं परोक्खरूवेण जं पयासेदि ।**
**तं सुयणाणं भण्णदि संसयपहुदीहिं परिचत्तं ।।२६२।।**

અર્થ :—જે જ્ઞાન સર્વ વસ્તુને અનેકાન્ત, પરોક્ષરૂપે પ્રકાશે–જાણે–કહે તે શ્રુતજ્ઞાન છે. તે શ્રુતજ્ઞાન સંશય, વિપરીતતા અને અનધ્યવસાયથી રહિત છે એમ સિદ્ધાન્તમાં કહ્યું છે.

ભાવાર્થ :—જે સર્વ વસ્તુને પરોક્ષરૂપે 'અનેકાન્ત' પ્રકાશે તે શ્રુતજ્ઞાન છે. શાસ્ત્રનાં વચન સાંભળવાથી અર્થને જાણે, તે પરોક્ષ જ જાણે છે; તથા શાસ્ત્રમાં બધીય વસ્તુનું સ્વરૂપ અનેકાન્તાત્મક કહ્યું છે એમ સર્વ વસ્તુને જાણે વા ગુરુજનોના ઉપદેશપૂર્વક જાણે તો સંશયાદિક પણ રહે નહિ.

હવે, શ્રુતજ્ઞાનનું સામર્થ્ય બતાવે છે. જેમ, કેવળજ્ઞાન સર્વ પદાર્થોને પ્રત્યક્ષ જાણે છે; તે જ પ્રમાણે શ્રુતજ્ઞાન પણ પરોક્ષરૂપે બધી વસ્તુઓને પ્રકાશિત કરે છે—એમ હવે કહે છે.

દરેક વસ્તુ, વસ્તુપણે એક, ગુણ-પર્યાયપણે અનેક સામાન્ય-વિશેષ સ્વરૂપ છે. તે સંપૂર્ણ વસ્તુને પરોક્ષરૂપથી અનેકાંતરૂપ જાણે છે, તે સમ્યક્‌શ્રુતજ્ઞાન છે. તે શ્રુતજ્ઞાન સંશય, વિપરીતતા અને અનધ્યવસાયરહિત છે—એમ શાસ્ત્રમાં કહ્યું છે. શાસ્ત્રમાં જે કહ્યું છે, પોતે તેને સમજવાની ગરજ કરે તો નય—પ્રમાણરૂપ યુક્તિ અને સ્વાનુભવથી બધું નિશ્ચિત થઈ શકે છે.

શાસ્ત્રમાં ઘણી અપેક્ષાઓથી કથન હોય છે, તો શું તે બધું સત્ય હશે? વ્યવહારથી, શુભરાગથી ધર્મ થતો હશે? દેવાદિ તથા છ દ્રવ્યોનું સ્વરૂપ એમ હશે કે બીજા કહે છે તે પણ સત્ય હશે?—વગેરે પ્રકારથી શંકાદિ દોષ સમ્યગ્જ્ઞાનમાં હોતા નથી.

કહેવાનું એટલું કે શ્રુતજ્ઞાનમાં સ્વ-સન્મુખ થઈને અભેદસ્વરૂપનો નિર્ણય કર્યો, તે સ્વ-પરપ્રકાશક જ્ઞાન સ્વાનુભવ પ્રત્યક્ષ છે. સર્વજ્ઞ કથિત શાસ્ત્રમાં સમસ્ત વસ્તુઓનું સ્વરૂપ અનેકાંતમય છે તથા જ્ઞાન દ્વારા યથાર્થ જાણી શકાય છે; આ પ્રમાણે બધી વસ્તુઓને યુક્તિ-આગમના બળથી જાણે તથા ગુરુજનોના ઉપદેશ વડે જાણે તો તેને સંશય આદિ રહેતા નથી. (ક્રમશઃ) ❊

**સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો, તે 'સમયનો સાર' છે. ૧૪૪.**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૨૪, ગાથા - ૨૩)

અહીં ૨૨મી ગાથા પૂરી થઈ. હવે શિષ્ય પ્રશ્ન પૂછે છે કે આત્માની ઉપાસના કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે? કેમકે વિચારવાની પ્રવૃત્તિનું ફળ જ્ઞાનપૂર્વક હોય છે. દુનિયામાં પણ જેની જરૂરિયાત જણાય તેનો પુરુષાર્થ કરે છે, તેમ આત્મામાં પણ ફળ જ્ઞાનપૂર્વક જ જીવ પુરુષાર્થ કરે છે.

अज्ञानोपास्तिरज्ञानं ज्ञानं ज्ञानिसमाश्रयः ।
ददाति यत्तु यस्यास्ति सुप्रसिद्धमिदं वचः ॥२३॥

અજ્ઞ-ભક્તિ અજ્ઞાનને, જ્ઞાન-ભક્તિ દે જ્ઞાન,
લોકોક્તિ-"જે જે ધરે, કરે તે તેનું દાન." ૨૩

શરીર, વાણી, મન આદિમાં જ્ઞાન નથી, પુણ્ય-પાપભાવમાં પણ જ્ઞાન નથી. એવા જ્ઞાનરહિત અજ્ઞાનભાવોની સેવા કરવાથી અજ્ઞાનનું ફળ મળે, વિકાર મળે અને ચારગતિમાં રખડવાનું ફળ મળે, એક માત્ર ભગવાન આત્મા જ જ્ઞાનસ્વરૂપ છે. તેના સિવાય પુણ્ય-પાપ ભાવ આદિ પણ જ્ઞાનજ્યોતિથી રહિત અજ્ઞાનમૂર્તિ છે માટે તેની સેવા કરવાથી અજ્ઞાનનું ફળ મળે છે. પુણ્ય-પાપભાવની સેવા એટલે તેમાં એકાગ્રતા કરવાથી વિકાર થાય છે પણ વીતરાગતા ન થાય. જ્ઞાનીની સેવા કરવાથી જ જ્ઞાન પ્રાપ્ત થાય. એ જ્ઞાની કોણ? એક તો ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા પોતે જ છે. તેની સેવા એટલે એકાગ્રતા કરવાથી જ્ઞાનનું ફળ મળે અને બીજું જ્ઞાની ધર્માત્માની સેવા કરવાથી. એ જ્ઞાની કહેશે કે તારું જ્ઞાન અને આનંદ તારાથી પ્રાપ્ત થશે. આમ જ્ઞાનીની સેવાના ફળમાં પણ દૃષ્ટિ તો નિજસ્વભાવ ઉપર જતાં જ્ઞાનનું ફળ પ્રાપ્ત થાય છે.

## નિજાત્માની પ્રાપ્તિનો ઉપાય : નિજાત્માની ઉપાસના

દિગંબર સંત શ્રી પૂજ્યપાદસ્વામી રચિત આ ઈષ્ટ ઉપદેશ શાસ્ત્ર છે. તેમાં આ ૨૩મી ગાથા ચાલે છે.

જેની જે સેવા કરે તેને તેની પાસે જે હોય તે જ આપે. જેની પાસે જે વસ્તુ હોય જ નહિ તે સેવા કરનારને ક્યાંથી આપે? માટે જેની પાસે જે હોય તે જ તેને આપે એવી

**છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભકર્મને!**
**તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે? ૧૪૫.**

લોકોક્તિ છે, તેથી અહીં મુનિરાજ કહે છે કે શરીરાદિ જડ પદાર્થોની સેવા કરવાથી અજ્ઞાન જ મળે, જ્ઞાન ન મળે, કેમ કે તેની પાસે જ જ્ઞાન નથી.

શરીર, કર્મ, પરપદાર્થ કે પુણ્ય-પાપના વિકારીભાવ કે જેમાં જ્ઞાન નથી તેની ઉપાસના કરવાથી જ્ઞાન ક્યાંથી મળે ? અજ્ઞાન જ મળે. આત્મા પોતે સત્‌ચિદાનંદસ્વરૂપ છે. સત્‌ એટલે શાશ્વત જ્ઞાન અને આનંદથી ભરપૂર તત્ત્વ છે. જ્યારે પુણ્ય-પાપ ભાવ તો અચેતન તત્ત્વ છે. હિંસા, જૂઠું આદિ પાપભાવ કે દયા-દાન આદિ પુણ્યભાવની ઉપાસના કરે તો તેની પાસેથી અચેતનપણું જ પ્રાપ્ત થાય-કર્મબંધન જ થાય, જ્ઞાન ન થાય.

એક તરફ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો મોટો મહાસાગર ભગવાન આત્મા અને એક તરફ જ્ઞાન અને આનંદથી રહિત શરીર, પરપદાર્થ, કર્મ, વિકારીભાવ આદિ અચેતન તત્ત્વ છે. ચેતન-અચેતનમાં એકાગ્રતા કરે તો તેને અચેતનપણું અને દુઃખ જ પ્રાપ્ત થાય. કેમ કે જેની પોતે સેવા કરે છે તેની પાસે જ્ઞાન-આનંદ તો છે નહિ તો આપે ક્યાંથી ?

એકકોર રામ છે અને એકકોર આખું ગામ છે. ભગવાન આત્મા તો પૂરણ જ્ઞાન અને આનંદનો પિંડ છે. રંગ-ગંધ-સ્પર્શ આદિથી રહિત 'અરૂપી' છે પણ પોતાના અનંત જ્ઞાન, આનંદ, સ્વચ્છત્વ, પ્રભુત્વ આદિ સ્વરૂપી છે. જીવનું લક્ષ જેટલું બહારમાં પરદ્રવ્યો ઉપર કે શરીર, કર્મ કે રાગાદિ ઉપર જાય છે. તેટલું તેને અજ્ઞાન પ્રાપ્ત થાય છે અને જેમાં જ્ઞાન અને આનંદની મુખ્યતા છે એવા બીજા અનંત ગુણોથી ભરપૂર પોતાના સ્વભાવનું લક્ષ કરે તો તેને જ્ઞાન આદિ અનંત ગુણોની પ્રાપ્તિ થાય છે.

બહુ સાદી ભાષામાં ઊંચું તત્ત્વ ભરેલું છે. શ્રી પૂજ્યપાદસ્વામી જીવની ખોટી માન્યતા ને ઉડાવતા જાય છે અને સ્વરૂપની સ્થાપના કરતા જાય છે કે ભગવાન ! તું પ્રભુ છો, અકૃત્રિમ ચીજ છો, સ્વયંસિદ્ધ પદાર્થ છો. તું કૃત્રિમ-કોઈના બનાવવાથી બનેલો નથી. તું તો અનાદિ અનંત શાશ્વત સ્વયંસિદ્ધ પદાર્થ છો, પણ તેં આજ સુધી કોઈ દિવસ પોતાના સ્વભાવ ઉપર નજર માંડી નથી.

પુણ્ય-પાપ ભાવ ચૈતન્યથી વિપરીત ભાવ છે. પણ પ્રભુ ! તેને તો આપ પરંપરા મોક્ષનું કારણ કહો છો ને ? અરે ભાઈ ! એ તો નિમિત્તનું કથન છે. સમ્યગ્દષ્ટિને સ્વરૂપનું ભાન છે. તેથી શુભભાવ છોડીને વીતરાગ થાય છે એ અપેક્ષાએ વાત છે. બારભાવનામાં

જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,
એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને. ૧૪૬.

તો એમ કહ્યું છે કે રાગ એ પરંપરા અનર્થનું કારણ છે. ખરેખર તો અરાગી વીતરાગસ્વરૂપમાં તો દોષ છે જ નહિ પણ પોતે પર તરફ લક્ષ કરીને પર્યાયમાં રાગ-દ્વેષાદિનો દોષ ઊભો કરે છે.

પોતાના અનંત આનંદ, શાંતિ આદિ અનંત ગુણોને સંભાળે તે શેઠ છે. બાકી ધનાદિ જડ લક્ષ્મી સંભાળનારા શેઠ નથી, ભિખારા છે; રાગના, પુણ્ય-પાપના, ધનના, શરીરના અને વિષયોના ગુલામ છે, શેઠ નહિ. આવા વિષયોની ગુલામી કરવાથી સેવા કરવાથી આત્માને જડપણું (અજ્ઞાનપણું) પ્રાપ્ત થાય છે. અરે ! દેવ-શાસ્ત્ર-ગુરુ પણ પર છે, તેનું લક્ષ કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય, એ પુણ્ય એટલે અજ્ઞાનપણું-અચેતનપણું પ્રાપ્ત થાય છે. (અજ્ઞાન એટલે અહિ મિથ્યાત્વની વાત નથી.)

અહીં બે અર્થ લીધા છે. 'જ્ઞાનીની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય' એટલે એક તો જ્ઞાનસ્વરૂપ નિજ આત્માની સેવા એટલે તેમાં એકાગ્રતા કરવાથી સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ થાય. અને બીજો અર્થ જ્ઞાની પુરુષની સેવાથી એટલે તેણે ઉપદેશેલા આત્માને સેવવાથી અંતરમાં જ્ઞાન અને આનંદની પ્રાપ્તિ થાય છે. જ્ઞાની ઉપદેશ આપે છે કે 'તારો આત્મા ચિદાનંદ સ્વરૂપ છે. રાગદ્વેષ, પુણ્ય-પાપથી રહિત છે, તેની તું સેવા કર.' જ્ઞાનીના આવા ઉપદેશને જે માને અને પોતાના આત્માની ઉપાસના કરે તેને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આત્માનું હિત કેમ થાય તે માટેનો આ પ્રિય ઉપદેશ-ઈષ્ટોપદેશ છે. તેમાં એક-એક ગાથામાં પુણ્ય-પાપને ઉડાવીને, પોતાના સ્વરૂપની સેવા કરીને પોતાનું હિત કરી લેવાનો પ્રિય ઉપદેશ છે.


આ જીવે કદી પોતાની મહત્તા આંકી નથી. પોતાની પામરતા ઓળખી નથી અને પોતાની પ્રભુતા પણ ઓળખી નથી. આ લોકોક્તિ તો પ્રસિદ્ધ છે કે 'જેની પાસે જે હોય તે તે આપે.' ધનવાન હોય તે ધન આપે અને જ્ઞાનવાન હોય તે જ્ઞાન આપે. આત્મા આત્મા પાસે માગે આત્માની સેવા કરે—આત્મામાં એકાગ્રતા કરે તો પર્યાયમાં જ્ઞાન-આનંદ આદિ ચૈતન્યરત્નોનું દાન મળે. કેમકે આત્મા જ્ઞાનાદિ અનંત ગુણની મોટી ખાણ છે તેમાંથી ચૈતન્યચમત્કાર પ્રગટ થાય છે અને જો જીવ સ્ત્રી, પુત્ર, પરિવાર, ધન આદિની સેવા કરે તો પાપની પ્રાપ્તિ થાય, તેમાંથી સુખ કે જ્ઞાન ન મળે, કેમકે તેની પાસે તે છે જ નહિ.

(ક્રમશઃ) ❋

તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,
છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭.




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા-૨)

## પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોની શ્રદ્ધામાં ભૂલ

जीवादि प्रयोजनभूत तत्त्व, सरधैं तिनमांहि विपर्यत्व।
चेतनको है उपयोग रूप, बिनमूरत चिन्मूरत अनूप ।।२।।

જીવ પોતે કેવો છે તે જાણ્યા વગર પોતામાં ઠરશે કેવી રીતે?
અજીવને અજીવ જાણ્યા વગર તેનાથી જુદો કેવી રીતે પડશે?
દુઃખનું કારણ શું છે તેને જાણ્યા વગર તેને કેવી રીતે છોડશે?
અને મોક્ષ પૂર્ણ સુખરૂપ છે તેને જાણ્યા વગર તે તરફનો પ્રયત્ન કેવી રીતે કરશે?

આ રીતે સુખ અને તેનો ઉપાય, તથા દુઃખ અને તેનાં કારણો—તેનું જ્ઞાન કરવા માટે સાત તત્ત્વો જાણવા જરૂરી છે. જો અજીવને જીવ માની લ્યે તો તેમાંથી ઉપયોગને પાછો કેમ વાળે? શુભ—અશુભ બંને આસ્રવ હોવા છતાં તેને સંવર માની લ્યે તો તેને છોડે ક્યાંથી? દેહની ક્રિયા પોતાની માને તો તેનાથી (અજીવથી) ભિન્નતા કઈ રીતે અનુભવે? સમ્યગ્દર્શનપૂર્વકની શુદ્ધતા તે ખરો સંવર છે, તેને બદલે દેહની ક્રિયાને સંવર માને કે રાગને સંવર માને તો તેનાથી જુદો પોતાને કેમ અનુભવે?—આ રીતે તત્ત્વના જ્ઞાન વગર મિથ્યાત્વ ટળે નહિ. ભગવાન! તારું સ્વરૂપ ભગવાને કેવું કહ્યું છે તેના ભાન વગર તારી ભૂલ ભાંગશે નહિ ને તારું ભ્રમણ મટશે નહિ. આત્માના ભાન વગર શુભભાવ કરીને સ્વર્ગે ગયો ત્યારે પણ અગૃહીતમિથ્યાત્વ ભેગું લઈને ગયો, એટલે ત્યાં પણ દુઃખી જ થયો. આત્માના ભાન વગર ક્યાંય સુખનો સ્વાદ આવે નહિ.

ચેતનનું રૂપ તો ઉપયોગ એટલે જાણવું—દેખવું તે છે. શરીર તો અજીવ—જડ—રૂપી છે, તે કાંઈ જાણતું નથી, ઉપયોગલક્ષણવડે આત્મા દેહથી ભિન્ન જણાય છે. અમૂર્ત આત્મા બધાનો જાણનાર છે. જાણનારને પુણ્ય—પાપરૂપ માનવો કે દેહરૂપ માનવો તે મિથ્યાત્વ છે. તેણે જીવને ઉપયોગરૂપ ન માન્યો પણ અજીવરૂપ ને આસ્રવરૂપ માન્યો,

જેવી રીતે કો પુરુષ કુત્સિતશીલ જનને જાણીને,
સંસર્ગ તેની સાથ તેમ જ રાગ કરવો પરિતજે; ૧૪૮.

એટલે તત્ત્વની વિપરીત શ્રદ્ધા થઈ. જીવે સાચા તત્ત્વને કદી ઓળખ્યા નથી, તેમાં ભેળસેળ કરીને ગોટા વાળ્યા છે. જાણનાર તત્ત્વ જડની પણ ક્રિયા કરે એમ કેમ બને? ઉપયોગની ક્રિયા જડરૂપ કેમ હોય? ન જ હોય. ચેતનમાં વર્ણ–ગંધ–રસ–સ્પર્શરૂપ મૂર્તપણું નથી, તે તો ઉપયોગરૂપ અમૂર્ત છે; એની ઓળખાણ વડે જ સમ્યગ્દર્શન થાય છે ને મિથ્યાત્વ ટળે છે. માટે સંતોએ કરુણા કરીને તેનો ઉપદેશ દીધો છે.

હે ભાઈ, ભગવાને બધા આત્માને સદા ઉપયોગસ્વરૂપ જોયા છે, તે અજીવ કેમ હોય? કે શરીરરૂપ કેમ હોય? આત્મા ઉપયોગરૂપ છોડીને જડરૂપ કદી થતો નથી. આ પ્રમાણે સર્વજ્ઞભગવાને જોયેલો ઉપયોગરૂપ જીવને જાણે તો બધા ખુલાસા થઈ જાય ને તત્ત્વોની વિપરીતતા મટી જાય. ઉપયોગરૂપ આત્મા અજીવ નથી એટલે અજીવની ક્રિયા તે કરતો નથી.

પ્રશ્નઃ—અજીવમાં તો શક્તિ ન હોય, એટલે આત્મા તેને હલાવે–ચલાવે ત્યારે તે હાલે–ચાલે?

ઉત્તરઃ—એમ નથી; અજીવમાં પણ તેની અનંત શક્તિઓ છે ને તેની ક્રિયાઓ તે સ્વયં પોતાની શક્તિથી કરે છે. એકેક જડ રજકણમાં તેના અનંતા જડ–ગુણો છે, ને તેની શક્તિથી તેનામાં રૂપાંતર હલનચલન વગેરે થાય છે. માટે જીવ અને અજીવની ભિન્નતા જાણવી. તે બન્નેને ભિન્ન ઓળખતાં તત્ત્વની ભૂલ ટળે છે ને યથાર્થ શ્રદ્ધા થાય છે.

જગતમાં ભિન્ન ભિન્ન અનંતા જીવ છે; જીવ કરતાં અનંતગુણા પુદ્ગલો છે; અસંખ્ય કાળાણુ દ્રવ્યો છે; ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ એ પ્રત્યેક દ્રવ્યો છે. આ છ પ્રકારનાં દ્રવ્યોમાં જીવ સિવાયના પાંચે અજીવ છે; ને પુદ્ગલ સિવાયના પાંચે અમૂર્ત છે. જગતમાં આ છએ પ્રકારનાં દ્રવ્યો સર્વજ્ઞદેવે સ્વતંત્ર જોયા છે; તેને સ્વતંત્ર ન માનતાં પરાધીન માનવા તે તત્ત્વશ્રદ્ધામાં વિપરીતતા છે. છ દ્રવ્યોરૂપ જે વિશ્વ, તેનો કોઈ કર્તા–હર્તા કે ધર્તા નથી. (ધર્તા=ધારણ કરનાર)

છએ દ્રવ્યોમાં એકલો આત્મા જ ઉપયોગરૂપ છે, તેથી આત્મા જ અનુપમ છે. અહા! જે સર્વજ્ઞસ્વભાવી મહાન પદાર્થ છે તેને કોની ઉપમા દેવી? અનાદિથી આત્મામાં સર્વજ્ઞસ્વભાવ છે–જે બીજા શેમાંય નથી. શરીરમાં નથી, રાગમાં નથી, એવો ઉપયોગ તે જીવનું લક્ષણ છે. અલૌકિક વસ્તુ આત્મા છે, તેના સ્વભાવને બીજા કોઈ બાહ્ય પદાર્થની

**એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,**
**નિજ ભાવમાં રત રાગ ને સંસર્ગ તેનો પરિહરે. ૧૪૯.**

ઉપમા આપી શકાતી નથી; પોતાના અનુભવ વડે તેને જાણી શકાય છે. આવા આત્માને સ્વાનુભવથી જાણે ત્યારે જ સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન વગર સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર હોતાં નથી. સમ્યગ્દર્શન વગરની શુભક્રિયાઓ તે એકડા વગરના મીંડાની માફક ધર્મમાં કિંમત વગરની છે. જેમ આંખ વગરનો માણસ શોભે નહિ, તેમ જીવની આંખ તો ઉપયોગરૂપ જ્ઞાન–દર્શન છે, પુણ્ય–પાપ તે કાંઈ જીવની આંખ નથી, આ બહારની આંખ તો જડ છે. ઉપયોગસ્વરૂપ નિજ આત્માને જાણવા–દેખવારૂપ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનચક્ષુ જેને ખુલ્યાં નથી તેની શુભક્રિયાઓ પણ ધર્મમાં શોભતી નથી, અર્થાત્ તે ધર્મનું કારણ થતી નથી પણ સંસારનું જ કારણ થાય છે. પોતે પોતાને ન દેખે–ન જાણે એને ધર્મ કેવો? સમ્યક્ત્વરૂપી ધર્મની આંખ જ તેને ઊઘડી નથી.

શુદ્ધાત્મદ્રષ્ટિપૂર્વક સાત તત્ત્વોને જાણવા જોઈએ; અજીવને જાણતાં એમ જાણવું કે તેમાં હું નથી, મારાથી તે ભિન્ન છે; એ જ રીતે રાગને જાણતાં તેનાથી ચૈતન્યની ભિન્નતા જાણવી.—આમ જાણે ત્યારે તત્ત્વોને જાણ્યા કહેવાય. પણ શરીરને કે રાગને આત્માનું સ્વરૂપ માને તો તેણે તત્ત્વોને જાણ્યા નથી. જીવ અને અજીવ એ બે મૂળ તત્ત્વો છે, ને બાકીનાં તત્ત્વો તે તેની અશુદ્ધ કે શુદ્ધ પર્યાયો છે. આ સાત તત્ત્વોને ઓળખે તો તેમાં અજીવથી પોતાની ભિન્નતા જાણીને, પોતાને ઉપયોગસ્વરૂપ જાણે, એટલે અજીવ સાથે એકતાબુદ્ધિ છોડીને શુદ્ધજીવસ્વભાવનો આશ્રય કરતાં મિથ્યાત્વાદિ આસ્રવ–બંધ ટળે છે ને સમ્યક્ત્વાદિરૂપ સંવર–નિર્જરા-મોક્ષદશા પ્રગટે છે. માટે સાત તત્ત્વોને જાણવા ખાસ જરૂરના છે અરે, અત્યારે તો લોકોમાં સાત તત્ત્વોનું જ્ઞાન ભુલાઈ ગયું છે. અનાદિથી જીવે સાત તત્ત્વોને સરખા જાણ્યા નથી. આ તો વીતરાગ વાણીમાં મૂળ મુદ્દાની વાત છે. સાત તત્ત્વોમાં હું ઉપયોગસ્વરૂપ જીવ છું—એમ ઓળખવું,–જેથી મિથ્યાત્વ ટળે ને સમ્યક્ત્વ થાય.

હું કોણ છું ને મારું ખરું સ્વરૂપ શું છે તેનો જીવે સાચો વિચાર પણ કદી કર્યો નથી. ચાર ગતિનાં ઘોર દુઃખોથી જેને છૂટવું હોય તેણે અંદર વિચાર કરીને ઉપયોગસ્વરૂપ આત્મા હું છું એમ ઓળખવું જોઈએ. શાસ્ત્રકારોએ કરુણા કરીને તે સ્વરૂપ સમજાવ્યું છે.

(ક્રમશઃ) ❋

જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,<br>—એ જિન તણો ઉપદેશ, તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

## અનુભવ વર્ણન

અજ્ઞાની જીવ દયા, પૂજા, ભક્તિના ભાવ કરે, તેમાં કહે કે આ દયા મેં કરી, પરની ભક્તિ મેં કરી, દયા-દાનના-વ્રતના શુભરાગને પોતાનું સ્વરૂપ સમજી અવલંબે છે—શુભભાવ આવે ત્યારે મિથ્યાદૃષ્ટિ જીવ આ રાગ મારું કર્તવ્ય છે—એમ માને છે. મિથ્યાદૃષ્ટિ તેમાં એકાકાર થઈ જાય છે.

ધર્મી જીવ વિકારને અને પુણ્યને અવલંબતો નથી, પણ સ્વભાવને અવલંબે છે. વસ્તુના અવલંબને ચારિત્ર હોય છે પણ દયા-દાનના અવલંબને ચારિત્ર હોતું નથી. અજ્ઞાની દયા-દાનના ભાવને ચારિત્ર માને છે.

સમ્યક્ત્વ સવિકલ્પ ને નિર્વિકલ્પરૂપથી બે પ્રકારે છે.

ચોથા, પાંચમા ને છઠ્ઠા ગુણસ્થાનવાળો જીવ રાગને તથા મહાવ્રતને જાણે છે, તેમાં હું વ્યાપતો નથી, પણ હું મારામાં વ્યાપું છું—એમ પણ જાણે છે તે સવિકલ્પતા છે. રાગમાં પેઠા વિના જાણે છે. તેનો વિસ્તાર રાગમાં નથી. મારું સ્વરૂપ જ્ઞાન છે, રાગાદિ વિકાર પરરૂપ છે એમ જાણી જ્ઞાનમાં તન્મય રહે છે તે સવિકલ્પ સમ્યક્ત્વ છે. ધર્મીને વિકલ્પ ઊઠ્યો છે પણ તેમાં પેઠા વિના તેનું જ્ઞાન રાગને જાણે તેને સવિકલ્પ સમ્યક્તા કહે છે. એક સમયની જ્ઞાનપર્યાય રાગ સાથે એકમેક થઈને જાણે તે સમ્યક્જ્ઞાન નથી. સાધક જ્ઞાનીને સર્વથા રાગ મટી ગયો નથી. સર્વથા રાગ મટી ગયો હોય તો સર્વજ્ઞદશા હોય, પણ અધૂરીદશામાં રાગ આવે છે, ત્યારે રાગને પરજ્ઞેય તરીકે જાણીને બુદ્ધિપૂર્વક રાગ ખ્યાલમાં વર્તે તે દશાને સવિકલ્પ સમ્યક્તા કહે છે.

વસ્તુ એવી ને એવી શુદ્ધ છે. અનંત કાળ ગયો ને કેટલાકને અનંત કાળ જશે છતાં આત્મવસ્તુ એવી ને એવી છે. જ્ઞાનીને ખરેખર જ્ઞાનનો જ ઉત્પાદ છે. જ્ઞાનીને લડાઈના પરિણામ હોવા છતાં સ્વ-પર પ્રકાશક જ્ઞાન દ્વેષને જાણે ખરું પણ દ્વેષ સાથે તન્મય થતું નથી.

નીચલી દશાવાળા જીવને વિષય વાસનાની વૃત્તિ હોય છે છતાં તે વખતે પણ જ્ઞાનનો પર્યાય જ્ઞાન સાથે અભેદ થઈને ને અશુભ રાગની સાથે તન્મય થયા વિના

**પરમાર્થ છે, નક્કી સમય છે, શુધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,**
**એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.**

રાગને જાણે તે સમ્યક્ સવિકલ્પતા છે. આ દૃષ્ટિ વિના સાચું જ્ઞાન થશે નહિ ને ચારિત્ર સમ્યક્ થશે નહિ.

વળી જ્ઞાન પોતાના આત્માને જાણે ને નિર્વિકલ્પ અનુભવ વખતે જ્ઞાન જ્ઞાનના અનુભવમાં લીન છે ત્યારે આત્મા વ્યાપક છે ને જ્ઞાનપર્યાય વ્યાપ્ય છે. તે નિર્વિકલ્પમાં સમ્યક્તા છે, ત્યાં અબુદ્ધિપૂર્વક રાગની વાત ગૌણ છે.

એકલા પૂર્ણાનંદ આત્માને સર્વ સ્વપણે જાણે ને સર્વ પરને પરરૂપ જાણે ત્યાં ચારિત્રની પૂર્ણ શુદ્ધિ હોય છે. એક સમયમાં એકલા નિજાનંદની પૂર્ણ લીનતા જામી ગઈ ને પરને પરરૂપ જાણી સ્વમાં સર્વથા ઠરે ત્યારે તદ્દન વીતરાગતા હોય છે. ત્યાં ચારિત્ર પરમ શુદ્ધ છે.

વસ્તુ તે વસ્તુ છે, તેના ધ્રુવસ્વભાવી ગુણો ત્રિકાળ છે. મતિ-શ્રુત ને ચારિત્રનો પર્યાય પરિપૂર્ણ ઠરે તે પરિપૂર્ણ દશા છે. તેમાં પરનું જ્ઞાન આવી જાય છે. આમ યથાર્થ સાંભળે કે આ સિવાય બીજો માર્ગ હોઈ શકે નહિ તો સ્વ તરફ વળવાનો અવકાશ છે.

અજ્ઞાની પરમાં વ્યાપીને જાણે છે એમ કહ્યું છે તેનો અર્થ એમ સમજવો નહિ કે અજ્ઞાની પરમાં વ્યાપે છે પણ તે માને છે કે પરમાં વ્યાપું છું છતાં તે પરમાં વ્યાપતો નથી.

એકવાર સ્વને સ્વ સંપૂર્ણ રીતે જાણે ને પરને પર જાણે તો તે સર્વથા સમ્યક્તા છે એટલે કે તે પૂર્ણદશા કેવળદર્શન ને કેવળજ્ઞાનમાં હોય છે. નીચલી દશામાં જે જ્ઞેય પ્રત્યે જોડાય તેને જાણે તે અન્યને ન જાણે. નીચેની ભૂમિકામાં સ્વ સર્વને સર્વથા પ્રકારે ન જાણે ને પર સર્વને ન જાણે.

ઊંધી દૃષ્ટિવાળાને કે સાચી દૃષ્ટિવાળાને જ્ઞેય પ્રયોજન જ્ઞાન તો એક જ પ્રકારનું છે. પરંતુ ભેદ એટલો જ છે કે મિથ્યાત્વી જેટલું જાણે તેટલું અયથાર્થરૂપ સાધે. આ મારું જ્ઞાન પુસ્તકથી ને સાંભળવાથી થયું એમ તે માને છે. જેટલાં નિમિત્તો તે સંયોગ હતા તેટલા પ્રમાણમાં જ્ઞાન થયું માને છે. મારો જ્ઞાનપર્યાય મારા સ્વભાવમાંથી આવે છે એમ નહિ જાણતાં અયથાર્થ સાધે છે. શાસ્ત્ર ભણે, દયા, વ્રત, પૂજાના ભાવ કરે, ત્યાગી થઈ રાગ ઘટાડે તોપણ અયથાર્થ સાધે છે. રાગ મંદ પડ્યો માટે જ્ઞાન નિર્મળ થશે એમ માને છે. સ્વભાવના અવલંબને જ્ઞાન થાય છે, રાગ ને પરના અવલંબને જ્ઞાન થતું નથી તે માનતો નથી. મિથ્યાત્વમાં (૧) કારણવિપરીતતા (૨) સ્વરૂપવિપરીતતા અને (૩) ભેદાભેદવિપરીતતા હોય છે. તે જીવ કારણને, સ્વરૂપને તથા ભેદાભેદને સમજતો નથી.

**પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,**
**સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨.**

કર્મને લીધે રાગ થયો ને રાગને લીધે જ્ઞાન થયું એમ તે માને છે, પણ યથાર્થ સ્વરૂપને જાણતો નથી. એવા મિથ્યાદૃષ્ટિનો ઉઘાડ બધો ખોટો છે.

સમ્યગ્દૃષ્ટિ જીવનું જ્ઞાન બધું સાચું છે. રાગ અને નિમિત્તો છે એમ જાણે છે પણ તેનાથી જ્ઞાન થતું નથી—એમ માને છે. પોતાના કારણે જ્ઞાન પ્રગટે છે. તેમાં રાગ અને નિમિત્તો જણાઈ જાય છે. મારા પરિણામ મારા સ્વભાવને અવલંબે છે પણ નિમિત્તને અવલંબતા નથી. મારો જ્ઞાન, દર્શન, આનંદનો પર્યાય અંતરશક્તિને અવલંબીને ઉત્પાદ-વ્યયરૂપ થયા કરે છે. આમ ધર્મી જીવ વસ્તુસ્વરૂપને યથાર્થ સાધે છે. ધર્મી જીવને પુણ્ય-પાપના ભાવ થાય છે છતાં તેનાથી બંધ થઈ શકતો નથી, કેમકે જે ભાવ થઈ રહ્યો છે તેને તે યથાર્થ જાણે છે. તેને અસ્થિરતા થાય છે. ચોથા ગુણસ્થાનવાળાને આર્ત્ત-રૌદ્રધ્યાન કદાચ થાય છે, તેને અસ્થિરતાનો રાગ થાય છે, પણ પોતાનામાં રહીને જાણે છે, તેથી ઉપયોગની પ્રધાનતાથી તેને બંધ નથી એમ કહ્યું છે. યથાર્થપણે સાધતો હોવાથી રાગ હોવા છતાં બંધન નથી. અજ્ઞાની શુભરાગ કરે તોપણ જરાય બંધ અટકતો નથી, રાગરહિત ધ્રુવ સ્વભાવના ઉપયોગનું અભેદપણું તે જાણતો નથી. રાગ ને વિકારથી આત્મા નિર્લેપ છે—એવી દૃષ્ટિ હોવાને લીધે જ્ઞાનીએ બંધ પરિણામને ખીલા મારી અટકાવી દીધા છે. જ્ઞાનના ઉપયોગ પરિણમે આસ્રવ-બંધની શક્તિને રોકી રાખી છે. અજ્ઞાનીને સ્વભાવની રુચિ થતી નથી તેથી જરા પણ બંધ અટકતો નથી. જ્ઞાનીને યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન છે ને રાગ યથાર્થ સાધે છે એટલે કે રાગમાં વ્યાપ્યા વિના પોતામાં રહીને રાગને જાણે છે, તેથી તેને આસ્રવ-બંધ થતાં નથી. આવા ભાન વિના જપ-તપાદિ કરે તો વૃથા છે. જ્ઞાનીને અવ્રતના ભાવ હોય તોપણ તેને આસ્રવ-બંધ અટકાવી રાખેલ છે. એમ અહીં અપેક્ષાએ કથન કરેલ છે. દોષ સંયોગને લીધે થયો નથી. તે વખતની સ્થિતિ તેવા રાગની છે ને સ્વ-પર પ્રકાશક જ્ઞાનની એવી જ છે—એમ જ્ઞાની જાણે છે.

જ્ઞાનનો પર્યાય જ્ઞાનમાં વ્યાપક છે કે રાગમાં વ્યાપક છે તેવા ભેદની અજ્ઞાનીને ખબર નથી. તે ગમે તેટલાં વ્રત કરે તોયે જરાપણ બંધ અટકતો નથી. જ્ઞાની લડાઈમાં હોય છતાં રાગદ્વેષ નિમિત્તને લીધે નથી ને સ્વભાવમાં રાગ નથી—એમ જાણે છે. વળી તેને અસ્થિરતાનો રાગ થયો જ નથી એમ પણ નથી, પણ પોતામાં રહીને અસ્થિરતાના રાગને જાણે છે. આમ યથાર્થ જાણે છે તેથી તેને નિરાસ્રવ કહ્યો છે. વસ્તુસ્વરૂપને યથાર્થ જાણ્યા વિના બધું અયથાર્થ છે. આ બધી વાત ઉપયોગના જોરની અપેક્ષાએ કરી છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

**વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,**
**પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩.**

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ—અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### (૮) આસ્રવાનુપ્રેક્ષા

कम्मासवेण जीवो वूडदि संसारसागरे घोरे ।
जं णाणवसं किरिया मोक्खणिमित्तं परंपरया ।।५७।।

કર્માસ્રવને લીધે જીવ સંસારરૂપી ભયંકર સમુદ્રમાં ડૂબી રહ્યો છે. જે ક્રિયા જ્ઞાનવશ થાય છે તે પરંપરાએ મોક્ષનું કારણ થાય છે. ૫૭.

आसवहेदू जीवो जम्मसमुद्दे णिमज्जदे खिप्पं ।
आसवकिरिया तम्हा मोक्खणिमित्तं ण चिंतेज्जो ।।५८।।

આસ્રવને કારણે જીવ સંસારરૂપી સમુદ્રમાં શીઘ્ર ડૂબી જાય છે. તેથી આસ્રવરૂપ ક્રિયા મોક્ષનું નિમિત્ત નથી એમ વિચારવું જોઈએ.

ભાવાર્થ :—અશુભાસ્રવરૂપ ક્રિયા તો મોક્ષનું કારણ છે જ નહિ પરંતુ શુભાસ્રવરૂપ ક્રિયા પણ મોક્ષનું કારણ નથી એમ ચિંતન કરવું જોઈએ. ૫૮.

पारंपज्जाएण दु आसवकिरियाए णत्थि णिव्वाणं ।
ससारगमणकारणमिदि णिंदं आसवो जाण ।।५९।।

પરંપરાએ પણ આસ્રવરૂપ ક્રિયાથી નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. આસ્રવ સંસારગમનનું જ કારણ છે તેથી નિંદનીય છે એમ જાણો. ૫૯.

पुव्वुत्तासवभेदा णिच्छयणयएण णत्थि जीवस्स ।
उहयासवणिम्मुक्कं अप्पाणं चिंतए णिच्चं ।।६०।।

પહેલાં જે આસ્રવના ભેદ કહ્યાં છે તે નિશ્ચયનયથી જીવના નથી તેથી આત્માને બન્ને પ્રકારના આસ્રવોથી રહિત જ નિરંતર વિચારવો જોઈએ. ૬૦

---

(અનુસંધાન પેજ નં. ૨૦ થી ચાલુ) (અનુભવપ્રકાશ પ્રવચન)

હવે ચારિત્રની વાત કરે છે. જ્ઞાન એકલા જ્ઞાનમાં વ્યાપ્ય-વ્યાપક થઈને એકલા જ્ઞાનને દેખવા-જાણવા લાગે ને અવસ્થામાં રાગ રહ્યો નહિ, ને વીતરાગ થઈ ગયો ત્યારે પ્રત્યક્ષ જ્ઞાન થઈ ગયું. નીચે રાગમાં અટકીને જાણતું તેટલું પરોક્ષ હતું, હવે રાગ ટળી જતાં સર્વથા પ્રત્યક્ષ પ્રગટી ગયું. (ક્રમશઃ) ❋

# આત્મ સાધના

હે ધર્મબંધુ ! આ અવસર છે આત્માને સાધવાનો.

અત્યારે દુનિયાની કોઈ ખટપટમાં તું રોકાઈશ નહિ; તારા આત્માને સાધવાનું લક્ષ તું ચૂકીશ નહિ. આત્મતત્ત્વ ઘણું-ઘણું મહાન છે. આવા મહાન આત્મતત્ત્વને લક્ષગત કરવું તે જ મહાપુરુષની સેવા છે.

તારા ચૈતન્યની મહાનતાને તું લક્ષમાં લઈશ, તો દુનિયાના કોઈ પ્રસંગો તને મુંઝવશે નહિ. અરે, ચૈતન્યની આવી મહાનતાને ચુકીને જગતના નાના-નાના પ્રસંગોના વિચાર-વમળમાં અટવાઈ જવાનું મુમુક્ષુને શોભતું નથી.

આત્માને સાધવાના મહાન પ્રયોજન પાસે જગતના માન કે અપમાન, નિંદા કે પ્રશંસા, અનુકૂળતા કે પ્રતિકૂળતા એ કોઈની કાંઈ જ ગણતરી નથી આનંદમય આત્માને સાધવા જગત સામે જોવા ક્યાં રોકાવું ? મુમુક્ષુને પોતાની આત્મસાધનામાં એવો પ્રેમ, એવો ઉલ્લાસ, એવી શાંતિ, ને એવી મશગુલતા છે કે એના સિવાય બીજી કોઈ વાતમાં અટકવાનું તેને પોષાતું નથી.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—ઊછળે છે એટલે શું ?

ઉત્તર :—દ્રવ્ય વસ્તુ છે, તેમાં અનંતી શક્તિઓ છે, એક શક્તિનું જ્યારે પરિણમન થાય છે ત્યારે અનંતી શક્તિની પરિણતિ એકસાથે ઉત્પન્ન થાય છે તેને ઊછળે છે એમ કહેવામાં આવે છે.

પ્રશ્ન :—શું અજ્ઞાનીને પ્રથમથી જ આત્માની વાત કહેવી જોઈએ ?

ઉત્તર :—સમયસારની ગાથા ૮માં આચાર્યદેવે આત્મા આનંદ સ્વરૂપ છે તેને ઓળખવાનું સમજાવ્યું છે. પહેલા દ્વીપ સમુદ્ર, લોકની રચના આદિને ઓળખવાનું કે વ્રતાદિ કરવાનું કહ્યું નહિ, પણ શુદ્ધાત્માને ઓળખવાનું સમજાવ્યું છે, ને સમજવા આવનાર પણ હજુ આત્માને સમજ્યો નથી છતાં જિજ્ઞાસાથી ટગ ટગ જોઈ રહ્યો છે. તેને કહે છે કે જે દર્શન-જ્ઞાન-ચારિત્રને હંમેશા પ્રાપ્ત થાય તેને આત્મા કહે છે. આમ વ્યવહારી જીવોને પણ પહેલા શુદ્ધ આત્મા જ સમજાવ્યો છે. અનાદિના બંધન છૂટીને મુક્તિ કેમ થાય તે આચાર્યદેવ અજ્ઞાનીને સમજાવે છે.

પ્રશ્ન :—જીવને શરીરવાળો કે રાગવાળો કહેવો એ તો વ્યવહારથી કથન છે પણ જીવને સમ્યગ્દર્શનવાળો તો કહેવાય ને ?

ઉત્તર :—જીવને સમ્યગ્દર્શનવાળો કહેવો એ પણ પર્યાયથી કથન છે, જીવ તો વિજ્ઞાનઘન સ્વરૂપ છે. સમ્યગ્દર્શન પર્યાય તો એક અંશ છે, ને જીવ ત્રિકાળી વિજ્ઞાનઘનસ્વરૂપ છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન અને આત્મા ભેદરૂપ છે કે અભેદરૂપ ?

ઉત્તર :—સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય અને આત્મા અભેદ છે. રાગને અને આત્માને તો સ્વભાવભેદ છે, આ સમ્યગ્દર્શન અને શુદ્ધ આત્મા અભેદ છે, પરિણતિ સ્વભાવમાં અભેદ થઈને પરિણમી છે, આત્મા પોતે અભેદપણે તે પરિણતિરૂપે પરિણમ્યો છે, તેમાં ભેદ નથી. વ્યવહારસમ્યગ્દર્શન જે વિકલ્પરૂપ છે તે કાંઈ આત્મા સાથે અભેદ નથી.

પ્રશ્ન :—ક્યાંક-ક્યાંક શુદ્ધ પર્યાયને આત્મા કહેલ છે, તેનો આશય શું ?

ઉત્તર :—અલિંગગ્રહણના ૨૦મા બોલમાં ધ્રુવને સ્પર્શતો નથી એવી શુદ્ધ પર્યાય

**પરમાર્થબાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.**

તે આત્મા છે એમ કહ્યું, ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે, કેમ કે આનંદનું વેદન પરિણતિમાં છે, ત્રિકાળીનું વેદન થતું નથી. તેથી વેદનમાં આવ્યો તે હું—એમ કહ્યું છે. જ્યાં જે આશય હોય તે સમજવો જોઈએ. અહીં સમ્યગ્દર્શનની વાત છે, સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી–ધ્રુવસામાન્ય તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે. એ વસ્તુ પોતે ધ્રુવ છે પણ તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે.

**પ્રશ્ન :—પહેલાં જ્ઞાન જણાય છે કે આત્મા ? બંનેની પ્રસિદ્ધિમાં કેટલું અંતર છે ?**

ઉત્તર :—બંને સાથે જ જણાય છે. આત્માને લક્ષમાં લીધા વગર જ્ઞાનને લક્ષણ કોનું કહેવું ? આત્માને લક્ષમાં લઈને જ્ઞાન તેમાં અભેદ થયું ત્યારે આત્મા લક્ષ્ય થયો અને જ્ઞાન તેનું લક્ષણ થયું. એ રીતે લક્ષણ અને લક્ષ્યની પ્રસિદ્ધિ એક સાથે જ છે.

**પ્રશ્ન :—જો બંને એક સાથે જણાય છે તો પછી જ્ઞાન અને આત્માનો ભેદ તો નકામો જ ગયો ?**

ઉત્તર :—અભેદ તરફ વળે છે ત્યાં ભેદને ઉપચારથી સાધન કહેવાય છે. અભેદના લક્ષ વગરના એકલા ભેદ તે તો ખરેખર વ્યર્થ જ છે. અભેદમાં જતાં જતાં વચ્ચે ભેદ આવી જાય છે, પણ તે ભેદરૂપ વ્યવહારનો નિષેધ કરીને અભેદમાં ઢળે છે તેથી તે ભેદને વ્યવહારે સાધન કહેવાય છે. પણ નિશ્ચય વગરનો એકલો વ્યવહાર તો વ્યર્થ જ છે. પહેલાં જ્ઞાનને જાણ્યું અને પછી આત્માને જાણ્યો–એવો ભેદ ખરેખર નથી. આ લક્ષણ અને આ લક્ષ્ય–એવા બે ભેદ ઉપર લક્ષ રહે ત્યાં સુધી વિકલ્પની પ્રસિદ્ધિ છે પણ આત્માની પ્રસિદ્ધિ નથી; આત્મા તરફ વળીને જ્યાં આત્માની પ્રસિદ્ધિ થઈ–આત્માનો અનુભવ થયો, તે વખતે તો લક્ષ્ય અને લક્ષણ એવા બે ભેદ ઉપર લક્ષ નથી હોતું, તેને તો લક્ષ્ય અને લક્ષણ બંને અભેદ થઈને એક સાથે પ્રસિદ્ધ થાય છે. બીજાને સમજાવવા માટે ભેદથી એમ કહેવાય કે આ જીવ જ્ઞાન-લક્ષણથી આત્માને સમજ્યો, એ વ્યવહાર છે,–પણ તે વ્યવહાર અભેદ આત્માનું પ્રતિપાદન કરવા માટે છે.

**પ્રશ્ન :—આત્મસ્વભાવ સુખનો સાગર છે તો વર્તમાનમાં એ સુખનો એક અંશ પણ કેમ આવતો નથી ?**

ઉત્તર :—આત્મા સુખનો સાગર હોવા છતાં તેણે રાગની આડ મારી છે, રાગમાં એકતાબુદ્ધિના તાળા માર્યા છે. તેથી સ્વભાવમાંથી સુખનો અંશ આવતો નથી. રાગની એકતાબુદ્ધિના તાળા તોડી રાગથી ભેદજ્ઞાન કરે તો સ્વભાવમાંથી સુખનો અંશ પ્રગટે.

**જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,**
**રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન* :—અમારે સ્વભાવ પ્રાપ્ત કરવો છે ને તે થતો નથી એટલે મૂંઝવણ થાય છે.

**સમાધાન** :—અંતરમાં જ્ઞાયકદેવ પ્રગટ ન થાય ત્યાં સુધી આત્માર્થીને સંતોષ થતો નથી, પણ શાંતિ રાખીને પ્રયત્ન કરવો. જ્ઞાયકદેવને ગ્રહણ કરવા માટે અંતરમાંથી તેનો અભ્યાસ વારંવાર કરવો, મૂંઝાઈ ન જવું. એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન શાંતિ રાખીને કરવો. પ્રયત્ન તો પોતાને જ વારંવાર કરવાનો છે. પોતાની ભૂલે પોતે વિભાવમાં દોડ્યો જાય છે, પોતે પુરુષાર્થ કરે તો પોતા તરફ આવે છે. માટે વારંવાર ઊંડા ઊતરીને સ્વભાવને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. ચૈતન્યનો વારંવાર અભ્યાસ કરે તો સહજ થઈ જાય અને જ્ઞાયક પ્રગટ થયા વગર રહે નહિ. સમજપૂર્વક વારંવાર કરે તેને પછી સહજ થઈ જાય છે. શરૂઆતની ભૂમિકા દુષ્કર છે.

*પ્રશ્ન* :—સ્વભાવ જલદી પ્રાપ્ત થાય તેનો કોઈ ઉપાય ખરો ?

**સમાધાન** :—પ્રાપ્ત કરવાનો ઉપાય એક ભેદજ્ઞાન જ છે. ચૈતન્ય જ્ઞાયક જુદો અને વિભાવ જુદો એમ સ્વભાવ–વિભાવ બંનેને જુદા પાડવા. યથાર્થ રુચિ, મહિમા, લગની, તત્ત્વવિચાર કરીને પોતે સ્વભાવ ગ્રહણ કરવાની પરીક્ષક શક્તિ અંદરથી એવી પ્રગટ કરવી જોઈએ કે આ સ્વભાવ છે ને આ વિભાવ છે. અંદર લગની લાગે તો તે થયા વગર રહેતું નથી. દેવ-શાસ્ત્ર અને ગુરુદેવ શું કહે છે તેનો આશય ગ્રહણ કરવા માટે પોતે અંદર તૈયારી કરે, ચૈતન્યનો સ્વભાવ ગ્રહણ કરવાની તીક્ષ્ણ તૈયારી કરે તો થયા વગર રહે નહિ. ઉપાય તો આ એક જ છે કે જ્ઞાયકતત્ત્વ જુદું અને વિભાવ જુદો એવું ભેદજ્ઞાન કરવું. હું અખંડ જ્ઞાયક છું– એમ દૃષ્ટિ થતાં ગુણભેદ–પર્યાયભેદનું જ્ઞાન તેમાં સમાઈ જાય છે. યથાર્થ દૃષ્ટિ થાય તેની સાથે જ્ઞાનમાં બધું સમાઈ જાય છે. તેણે પાત્રતા તૈયાર કરવાની રહે છે. જેને આત્માર્થતાનું પ્રયોજન છે તેને બધાં લૌકિક પ્રયોજન ગૌણ થઈ જાય– છૂટી જાય છે અને એક આત્માનું પ્રયોજન રહે છે.

વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,
પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬.

***પ્રશ્ન* :**—આ જીવ બધું સાંભળવા છતાં આગળ કેમ જતો નથી?

**સમાધાન :**—ગુરુદેવને ઊંડાણથી શું કહેવું છે? ગુરુદેવ શું કહી રહ્યા છે? તે આશય ગ્રહણ કરીને પછી પ્રયત્ન કર્યો નથી. પહેલાં તો આશય ગ્રહણ કર્યો નથી, તેથી આશય ગ્રહણ કરીને પોતાનો પુરુષાર્થ ઊપડવો જોઈએ તે ઊપડતો નથી. ગુરુદેવે માર્ગ બતાવ્યો કે આ માર્ગ છે તે બુદ્ધિમાં ગ્રહણ થયો, પણ અંતરમાં તેનો આશય ઉતારીને આગળ જવું જોઈએ તે જતો નથી. અને એમ ને એમ અજ્ઞાનમાં ઊભો રહે છે. તે જાતની રુચિ છે, પણ આગળ જતો નથી. અનંતકાળમાં ક્યારેક સત્ સાંભળવા તો મળ્યું છે પણ પોતે ગ્રહણ કર્યું નથી, અને ગ્રહણ કરે તો પુરુષાર્થ કરતો નથી. તેને બુદ્ધિમાં એમ તો નક્કી થાય છે કે ગુરુદેવે આ માર્ગ કહ્યો છે. વિકલ્પથી આત્મા જુદો છે, આત્મા શાશ્વત છે ને તે વિભાવથી જુદો છે. ગુણભેદ-પર્યાયભેદ વાસ્તવિક આત્મામાં નથી, આત્મા સ્વરૂપે અખંડ છે. આત્માને અને આ બધા ગુણ-પર્યાયને લક્ષણભેદ છે. એમ બુદ્ધિમાં તો તે બધું ગ્રહણ કરે છે, પણ અંતરમાં પરિણતિ કરવી જોઈએ તે કરતો નથી. એટલે કે બુદ્ધિથી નિર્ણય કરે છે, પણ આગળ જતો નથી, એટલામાં તેને સંતોષ થઈ જાય છે. પછી કરશું....કરશું એવી જાતનો પ્રમાદભાવ રહે છે એટલે આગળ જતો નથી.

મુમુક્ષુઃ—એક દૃષ્ટિ ફેરવવામાં અનંત અનંત ભવ પરાવર્તન થઈ ગયા?

બહેનશ્રીઃ—અનંત પરાવર્તન કર્યાં તો પણ દૃષ્ટિ ફેરવતાં ન આવડી. શુભભાવની રુચિમાં ક્યાંક ને ક્યાંક અટવાઈ જાય છે. શુભથી લાભ થાય એમ ઊંડી ઊંડી રુચિના રસને લઈને કોઈ ક્રિયાના રસમાં રોકાઈ જાય છે. પ્રવૃત્તિ વગર કેમ રહેવાય? એમ ક્યાંક ને ક્યાંક રુચિમાં અટકી જાય છે, પણ અંતરમાં દૃષ્ટિ ફેરવતો નથી.

***પ્રશ્ન* :**—આપે ફરમાવેલ છે કે પૂ. ગુરુદેવનાં વચનામૃતોનો અંદરમાં પ્રયોગ કરવો, તો પ્રયોગનો અર્થ શું? તે કેવી રીતે થાય?

**સમાધાન :**—ગુરુદેવે જે વચનો કહ્યાં, ગુરુદેવે જે ઉપદેશ આપ્યો—તેનો તું અંદરમાં પ્રયોગ કરી અંદર ઉતાર. ગુરુદેવ જે ઉપદેશ આપી માર્ગ બતાવે છે, ગુરુદેવે જે આજ્ઞા કરી છે,—તેનો તું અંદર પ્રયોગ કરીને તું તારા પુરુષાર્થમાં ઉતારી દે, તો તને પરિણતિ પ્રગટ થશે. ગુરુદેવ જે કહે છે તે માત્ર સાંભળી લેવું એમ નહિ, પણ અંતરમાં પ્રયોગ કર. ગુરુદેવે એમ કહ્યું છે કે તું છૂટો શુદ્ધાત્મા છો, શુભાશુભ ભાવથી ન્યારો અંદર ચૈતન્ય છે.—એમ જે બતાવ્યું છે તે પ્રમાણે પ્રયોગ કર, પુરુષાર્થ કર. તેને તું તારી પરિણતિમાં ઉતાર.

**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭.**

## બાળ વિભાગ

# વાસના વિજેતા સુદર્શન

(સુભગ નામનો ગોવાળ એક દિવસ સાંજે વનથી પાછો ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે એક મુનિને આવી ઠંડીમાં ધ્યાન કરતા જુએ છે. તેના મનમાં કરુણા થવાથી મુનિની ચારે બાજુ અગ્નિ સળગાવીને ઠંડીને દૂર કરે છે. સવારે મુનિરાજ તે નિકટભવ્ય જીવને દરેક કાર્યમાં ''ણમો અરિહંતાણં'' વાક્યનો જાપ કરવાનું કહે છે. મૃત્યુના અંતે નિદાનબંધ થવાથી પોતાના જ શેઠને ત્યાં સુદર્શન પુત્રરૂપે જન્મ લે છે. યુવાવસ્થામાં તેના મિત્રની પત્ની તેના ઉપર મોહિત થાય છે અને એકાંતમાં બોલાવે છે. ત્યારે સુદર્શન પોતે નપુંસક છે એમ સાંભળીને કપિલા તેમને છોડી દે છે. ત્યારથી સુદર્શન આઠમ, ચૌદશ તથા પર્વના દિવસોમાં પૌષધ વ્રત લઈ પ્રતિમાયોગ ધારણ કરી સ્મશાનમાં ધ્યાન કરવાનો નિયમ લે છે. હવે આગળ...)

**(૩)**

એક વાર વસંતોત્સવના દિવસોમાં રાજા ધાત્રીવાહન પોતાની રાણી અભયમતીની સાથે ઉદ્યાનમાં જઈ રહ્યા હતા. રસ્તામાં સુકાંત પુત્રને કાંખમાં લઈને મનોરમા દેખાણી. તેને જોઈને રાણીએ કુતુહલવશ સખીને પૂછ્યું–''આ સુંદર પુત્રવાળી મહાસૌભાગ્યવાન સ્ત્રી કોની છે ?''

ત્યારે સખીએ કહ્યું–''મહારાણીજી, આ સુદર્શન શેઠની પત્ની મનોરમા છે.''

વચમાં જ કપિલા વાતને કાપતી બોલી–''મેં સાંભળ્યું છે કે સુદર્શન નપુંસક છે, તેને પુત્ર કેમ થઈ શકે ?''

ઉત્તરમાં અભયમતીએ કહ્યું–''આવો પુણ્યશાળી પુરુષ નપુંસક કેમ હોઈ શકે ? કોઈએ દુષ્ટ અભિપ્રાયથી કહ્યું હશે.'' ત્યારે અવસર પામીને કપિલાએ પોતાનો સઘળો વૃત્તાંત રાણીને સંભળાવી દીધો. ત્યારે રાણી પણ સુદર્શનની સાથે ભોગ ભોગવવા ઉતાવળી થઈ ગઈ, તેને પણ કામરૂપી સર્પે ડસી લીધો. તે સુદર્શનને ફસાવવાનું ષડયંત્ર રચવા લાગી.

''આ કામરૂપી સર્પ વિકૃત માનસિકતારૂપી ઈંડામાંથી પેદા થાય છે. રાગ-દ્વેષ તેની જીભ છે, વિષય ચાહ તેનું તિલ છે, રતિ તેનું મુખ છે. લજ્જા તેની કાંચળી છે, જેને તે છોડી દે છે. મદ તેની દાઢ છે. અનેક પ્રકારની પીડા તેનું ઝેર છે. એમ કામરૂપી સર્પથી ડસાયેલો પ્રાણી ચેન નહીં પામતો થકો અંતમાં નાશને પ્રાપ્ત થાય છે.''

**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮.**

રાણીએ પ્રતિજ્ઞા કરી કે કાં તો તેની સાથે ભોગ ભોગવીશ નહીંતર પ્રાણત્યાગ કરી દઈશ. તે મહેલમાં જઈને ઉદાસીન થઈ શૈયામાં પડી રહી.

''વહાણ સમુદ્રની પાર પહોંચે છે તથા નક્ષત્ર આકાશની પાર પહોંચે છે, પણ તે રાણીનું દુશ્ચરિત્રની પાર કોઈ પહોંચી શકતું નથી.''

પંડિતા ધાયના પૂછવાથી રાણીએ પોતાની ચિંતાનું કારણ તેને બતાવી દીધું. પંડિતાએ તેને અનેક પ્રકારે સમજાવી પણ તે ન માની આખરે પંડિતાએ તેને મળવાનું વચન આપી દીધું.

દ્વારપાળોને રાણીનો ડર બતાવીને આઠમની રાતે તે સ્મશાનમાં પહોંચી જ્યાં સેઠ પ્રતિમાયોગમાં ધ્યાનસ્થ હતા. તેને અનેક મધુર વચનો બોલીને રાજી કરવા પ્રયત્ન કર્યો, પણ તે સુમેરુવત નિશ્ચળ ઊભા રહ્યા. તેની કોઈ કલા-ચાતુર્યનો અસર તેમના પર થયો નહિ. તો તેમને ખભા ઉપર ઉઠાવીને રાણીના શયનાગારમાં લાવીને છોડી દીધા.

(૪)

''પાપના ઉદયે કોઈ પાપી થઈ જતો નથી, પાપભાવથી પાપી થાય છે. જ્ઞાનીઓને પાપનો ઉદય તો હોય છે પણ પાપભાવ હોતો નથી. ઉપસર્ગ, તે જ્ઞાનીઓની સાધનાની કસોટી છે.''

રાણીએ અનેક હાવ-ભાવથી સ્ત્રી-સુલભ કુચેષ્ટાઓ કરી અને પોતાની વાસનાની આગથી સુદર્શનને લપેટાઈ પણ. પણ જ્યારે તેમને રંચમાત્ર વિચલિત ન કરી શકી તો હતાશ થઈને પંડિતા ધાયને કહ્યું–


''આ દુષ્ટને તે શ્મશાનમાં છોડી આવો.''

પંડિતાએ બહાર જોયું તો સવાર પડી ચુકી હતી. હવે તેને બહાર લઈ જવા શક્ય નહોતું.

હવે શું કર્યું જાય? આમ વિચારીને અભયમતી કર્તવ્યવિમુઢ થઈ ગઈ અને અંતમાં કોઈ ઉપાય ન દેખાણો ત્યારે પોતાના શરીરને નોચીને વિકૃત કરી નાખ્યું અને પોતે જોર-જોરથી બોલવા લાગી –''હાય! હું શીલવતીને આ દુષ્ટે ક્ષત-વિક્ષત કરી નાખી.''

મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯.

"કામાંધ સ્ત્રી સિંહણની જેમ ક્રૂર અને વેશ્યાની જેમ નિર્લજ્જ થઈ જાય છે. જે અનર્થ ક્રૂર સિંહ, વાઘ, સાપ, અગ્નિ અને રાજા કરી શકતા નથી તે અનર્થ કામાંધ સ્ત્રી કરી નાખે છે."




જ્યારે રાજાને આ ઘટનાની ખબર પડી તો રાજાએ અંધવિશ્વાસમાં રાણીની વાત ઉપર ભરોસો કરી કાંઈ પણ વિચાર કર્યા વગર પોતાના સેવકોને આદેશ કર્યો કે—"જાઓ, આ દુષ્ટને સ્મશાનમાં લઈ જઈને મારી નાખો."

ઉપસર્ગ ! ઘોર ઉપસર્ગ !! અરે, નિરપરાધી જ્ઞાનીઓની પણ આ દશા ! પણ જ્યારે દુષ્ટ પોતાના દુષ્ટ સ્વભાવને છોડતા નથી, તો જ્ઞાની પણ પોતાના ક્ષમા સ્વભાવને કેમ છોડે ? તેણે તો—

"બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો,
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહિ પણ પ્રબળ સિદ્ધિ નિદાન જો."

ક્રૂર સેવક સુદર્શનને પકડીને તેને સ્મશાનમાં લઈ ગયા અને તલવાર કાઢીને મારવા જ્યા તૈયાર થયા ત્યાં જ તેમના ખડગ પુષ્પમાળા બની ગયા, અને મારવાવાળા ત્યાં જ કિલીત થઈ ગયા.



વિચિત્ર છે પુણ્ય-પાપનું નાટક ! એક બાજુ પ્રહાર, અને બીજી બાજુ હાર ! ધીમે-ધીમે આ સમાચાર સંપૂર્ણ રાજ્યમાં ફેલાઈ ગયા.

તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,
સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.

રાજા પણ આ સાંભળીને પોતાના કૃત્ય ઉપર પશ્ચાત્તાપ કરી ક્ષમાયાચના કરવા લાગ્યો. લજ્જિત થઈને રાજા સુદર્શનની શરણમાં પહોંચ્યો અને બોલ્યો –''હે શ્રેષ્ઠી! મારા અપરાધને ક્ષમા કરો. અજાણતા અને ક્રોધવશ મારાથી આ મહાપાપ થઈ ગયું. ધર્મનો પ્રતાપ અતુલ્ય છે, હું કારણ વગરનો નીચગતિને પાત્ર થયો.''

આ બાજુ રાણીને આ ઘટનાની ખબર પડી તો લજ્જાથી દુઃખી થઈને આત્મહત્યા કરી લીધી. ''વિષય-ચાહ દાવાનલ દહ્યો, મરત વિલાપ કરત દુઃખ સહ્યો.''

રાજા આ ઘટનાથી ખૂબ જ પ્રભાવિત થયો અને બોલ્યો–''હે શ્રેષ્ઠી તમે મારા અર્ધા રાજ્યનો સ્વીકાર કરીને મને કૃતાર્થ કરો.''

શ્રેષ્ઠી બોલ્યા–''હે રાજન્! મેં આ સંસારનું સ્વરૂપ જોઈ લીધું છે. આ વિષય આત્માના સ્વરૂપને ભુલાવવાવાળા છે તેમાં રાચીને ત્રણલોકના જીવ દુઃખી થઈ રહ્યા છે. વિષયોમાં સુખની ઈચ્છા, તે જીવનના અર્થે વિષનું પાન કરવા જેવું છે. મિષ્ટ ભોજન માટે વિષવૃક્ષને પોષવું છે. મરણ અચાનક આવી જાશે; પછી આ મનુષ્યજન્મ, ઉત્તમ કુળ, જિનેન્દ્રધર્મનો યોગ અનંતકાળમાં દુર્લભ છે.

જેમ નદીની લહેરો નિરંતર આગળ વધતી જાય છે પાછી ફરીને આવતી નથી, તેમ આયુષ્ય, કાયા, રૂપ, બલ, ઐશ્વર્ય, ઈન્દ્રિયશક્તિ ગયેલા પાછા આવતા નથી. કુટુંબનો સંયોગ સ્વપ્ન સમાન ક્ષણભંગુર છે તથા આ સંપદા ઈન્દ્ર અને ચક્રવર્તીઓને પણ સ્થિર નથી રહી તો બીજા પુણ્યહીનોને કેમ સ્થિર રહેશે?

રાજન! માટે હું તો હવે આત્મ-સાધના પૂર્ણ કરવા માટે દિગમ્બરી દીક્ષા ધારણ કરીશ.''

ત્યારે તેઓ નગ્ન દિગમ્બર દીક્ષા ધારણ કરીને પાટલિપુત્ર (પટના) તરફ વિહાર કરી ગયા.

ત્યાં પાટલિપુત્રના ઉપવનના સુરમ્ય વાતાવરણમાં એક દિવસ ધ્યાનસ્થદશામાં તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું અને અલ્પકાળમાં મુક્તિને પામી ગયા. ધન્ય થઈ ગયો તે આત્મા!

''જ્ઞાનીઓને માટે ઉપસર્ગ સાધનાની કસોટી છે.''

**સમ્યક્ત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧.**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ : | શ્રી સમયસાર ઉપર (૧૫મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ : | શ્રી સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

✻ વીંછીયા નિવાસી (હાલ અમદાવાદ) કપીલાબેન મનહરભાઈ બોટાદરા (ઉ.વ. ૮૦)નું તા. ૪-૯-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ ઘણા વર્ષો સુધી સોનગઢ રહીને ધર્મલાભ લીધો હતો.

✻ પડાણા નિવાસી (હાલ જામનગર) પ્રવીણચંદ્ર ઝવેરચંદ છેડા (શાહભાઈ) (ઉ.વ. ૭૦)નું તા. ૨૩-૧૦-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ મુંબઈ નિવાસી શ્રીમતી વીણાબેન જગદીશચંદ્ર મોદી (ઉ.વ. ૮૫) તા. ૩૧-૧૦-૨૦૨૨ના રોજ શાંત પરિણામપૂર્વક દેહ પરિવર્તન કરેલ છે. તેઓએ સોનગઢમાં સ્થાયી નિવાસ કરી ધર્મલાભ લીધો હતો.

✻ સોનગઢ નિવાસી બ્ર. વસંતબેન ગાંધી (ઉ.વ. ૯૦)નું તા. ૨-૧૧-૨૦૨૨ના રોજ શાંત પરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે. તેમણે વિ.સં. ૨૦૧૨માં પૂજ્ય ગુરુદેવશ્રી પાસે ૧૪ બહેનો સાથે બ્રહ્મચર્યવ્રત લીધેલ હતું. જ્ઞાની ધર્માત્માઓના સાનિધ્યમાં સોનગઢમાં રહીને તત્ત્વ અભ્યાસ કર્યો હતો.

✻ સોનગઢ-વિંછીયા-મલાડના વડીલ મુરબ્બી, ગુરુદેવશ્રીના અંતેવાસી શ્રી ભોગીલાલ હિંમતલાલ ડગલી (ઉ.વ. ૯૨) તા. ૭-૧૧-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેમણે પૂજ્ય ગુરુદેવશ્રીની સેવાનો આઠ વર્ષ લાભ લીધો હતો તથા ૫૦ વર્ષથી વધુ સમય સોનગઢ રહીને જ્ઞાની ધર્માત્માની ભવનાશિની વાણીનો લાભ લઈને આત્મસાધના કરી હતી. તેઓએ ગાયેલ સ્તુતિઓ તથા જયકારના નાદરૂપ સ્વરદેહ હાલમાં પણ સુવર્ણપુરીમાં વિદ્યમાન (સદા ગુંજે) છે.

✻ મલાડ-મુંબઈ નિવાસી શ્રી વસંતલાલ ખીમચંદ જોબાલિયા (—તેઓ બ્ર. ચંદુભાઈના ભાઈ) (ઉ.વ. ૯૦)નું તા. ૧૯-૧૧-૨૦૨૨ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

✻ અમદાવાદ નિવાસી શ્રી રોમેશભાઈ બાબુલાલ શાહ (ઉ.વ. ૭૭)નું તા. ૨૦-૧૧-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના જૂના અનુયાયી તથા તત્ત્વચિંતક અને સ્વાધ્યાયી હતા. તેમના પિતાજીને પોતાના ઘરે ગુરુદેવશ્રીને ૨૫ વખત ઉતરવાનો લાભ મળ્યો હતો. નવરંગપુરા મંદિર થયું તે પહેલા તેઓ તેમના ઘરે સ્વાધ્યાય કરાવતા તથા પાઠશાળામાં બાળકોને તત્ત્વજ્ઞાન શિખડાવતા તેમજ વસ્ત્રાપુર મંદિરમાં પણ પાઠશાળામાં તત્ત્વજ્ઞાન આપતા હતા.

## (૧૧૨)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(અહીં એક શબ્દ આપેલ છે. બાકીના ત્રણ શબ્દ લખીને ચાર શબ્દની પૂર્તિ કરવાની છે.)

દાખલા તરીકે કષાયના ચાર પ્રકાર — (૧) ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ

| | | | |
|---|---|---|---|
| (૧) ચાર આરાધના | (૧) સમ્યગ્દર્શન | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૨) ચાર અનંત ચતુષ્ટય | (૧) અનંતજ્ઞાન | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૩) ચાર ઘાતિકર્મ | (૧) જ્ઞાનાવરણીય | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૪) ચાર મતિજ્ઞાનના ભેદ | (૧) અવગ્રહ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫) ચાર ચારિત્રના ભેદ | (૧) સ્વરૂપાચરણ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૬) ચાર દાનના ભેદ | (૧) આહારદાન | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૭) ચાર પ્રકારના સંઘ | (૧) મુનિ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૮) ચાર પ્રકારના દેવ | (૧) વ્યંતર | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૯) ચાર પ્રકારના બંધના ભેદ | (૧) પ્રકૃતિ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૧૦) ચાર પ્રકારની નિર્જરા | (૧) સકામ નિર્જરા | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૧૧) ચાર પ્રકારના અભાવ | (૧) પ્રાગભાવ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૧૨) ચાર વિગ્રહ ગતિના નામ | (૧) ઋજુગતિ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૧૩) ધર્મની પ્રરૂપણાના ચાર પ્રકાર | (૧) વસ્તુ સ્વભાવ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૧૪) ચાર શુક્લધ્યાનના ભેદ | (૧) પૃથક્ત્વ વિતર્ક | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૪ ઉપર)

## (૧૧૨)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ત્રીજી ઢાળમાંથી મળશે.)

(૧) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર જીવને ............... કારણ છે.
(૨) જીવ મોક્ષના માર્ગમાં લાગે તો .............. થાય.
(૩) સાચો મોક્ષમાર્ગ ............... છે.
(૪) નિશ્ચયનયના આશ્રયે મુનિવરો ................... સાધે છે.
(૫) રાગસહિત વ્યવહાર રત્નત્રય તે સત્યાર્થ ................ નથી.
(૬) રાગ તે આત્માનો સ્વભાવ ................
(૭) શુભાશુભ રાગ તે .................. કારણ છે.
(૮) સમ્યક્ચારિત્ર તે ................ કારણ છે.
(૯) સ્વદ્રવ્યના ગ્રાહક ................. થાઓ.
(૧૦) આખોય મોક્ષમાર્ગ .............. આશ્રિત જ છે.
(૧૧) આત્માને જાણ્યા વગર તેની ............... ન થઈ શકે.
(૧૨) ચોથા ગુણસ્થાને .............. ચારિત્ર હોય છે.
(૧૩) ઉપયોગની શુદ્ધતા વધવાથી સાચી ................. થાય છે.
(૧૪) આત્મસ્વરૂપમાં લીનતા તે ................ છે.
(૧૫) સૌથી કિમતી ત્રણ રત્નો (૧) ................. (૨) ................. (૩) .................
(૧૬) પરથી ભિન્ન આત્માની રુચિ તે .................. છે.
(૧૭) શુદ્ધાત્માના આશ્રયે સાચો ................... પ્રગટે છે.
(૧૮) સંખ્યા અપેક્ષાએ બહિરાત્મા ............... છે, અંતરાત્મા .............. છે અને પરમાત્મા ............. છે.
(૧૯) અરિહંત ભગવાનને ............. અને .............. ગુણસ્થાન હોય છે.
(૨૦) ઉત્તમ અંતરાત્મા .............. થી ............. ગુણસ્થાનવર્તી શુદ્ધોપયોગી મુનિ હોય છે.

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન નવેમ્બર– ૨૦૨૨ના ઉત્તર

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | મેઘરથ | (૬) | મેરુમંદિર | (૧૧) | મહાવીર | (૧૬) | મલ્લીનાથ |
| (૨) | મરુદેવી | (૭) | મલ્લિસેન | (૧૨) | મહાભીમ | (૧૭) | મહાપદ્મ |
| (૩) | મિથિલા | (૮) | મિત્રધર | (૧૩) | મહાકાલ | (૧૮) | મહાવદ |
| (૪) | મનોહર | (૯) | મઘવા | (૧૪) | મેઘપ્રભ | (૧૯) | મુનિસુવ્રત |
| (૫) | મહેન્દ્રદત્ત | (૧૦) | મધુકૈટભ | (૧૫) | મહાભદ્ર | (૨૦) | મહાવીર |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન નવેમ્બર – ૨૦૨૨ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) શાંતિનાથ | (૯) શીતલનાથ | (૧૭) મહાવીર |
| (૨) અભિનંદનનાથ | (૧૦) અજિતનાથ | (૧૮) અરહનાથ |
| (૩) અનંતનાથ | (૧૧) સુમતિનાથ | (૧૯) નેમિનાથ |
| (૪) વાસુપૂજ્ય | (૧૨) પારસનાથ | (૨૦) મુનિસુવ્રતનાથ |
| (૫) શ્રેયાંસનાથ | (૧૩) ચંદ્રપ્રભુ | (૨૧) સુપારસનાથ |
| (૬) પદ્મપ્રભ | (૧૪) ધર્મનાથ | (૨૨) ઋષભદેવ |
| (૭) વિમલનાથ | (૧૫) પુષ્પદંત | (૨૩) કુંથુનાથ |
| (૮) મલ્લિનાથ | (૧૬) સંભવનાથ | (૨૪) નમિનાથ |

(અનુસંધાન પેજ નં. ૩૨ થી ચાલુ) (પ્રૌઢ માટેના પ્રશ્નો)

| | | |
|---|---|---|
| (૧૫) ચાર સ્વચતુષ્ટય | (૧) સ્વદ્રવ્ય | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૧૬) સમ્યક્દષ્ટિની ચાર ભાવના | (૧) મૈત્રી | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૧૭) આસ્રવના ચાર કારણ | (૧) મિથ્યાત્વ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૧૮) શ્રમણના ચાર પ્રકાર | (૧) ઋષિ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૧૯) ચાર પ્રકારના અનુયોગ | (૧) પ્રથમાનુયોગ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૨૦) આર્તધ્યાનના ચાર ભેદ | (૧) અનિષ્ટ સંયોગ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |

### ✽ ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન' સમારોહ ✽

શ્રી કુંદકુંદાચાર્યદેવના 'આચાર્યપદવી દિન'નો ઉત્સવ માગશર વદ ૮, તા. ૧૬-૧૨-૨૦૨૨ શુક્રવારના રોજ ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિશેષ પૂજન-ભક્તિના કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન : સૂક્ષ્મ ઉપયોગ એટલે શું ?

ઉત્તર : અંદર આત્મા ધ્રુવવસ્તુ પડી છે તેને પકડે તે ઉપયોગ સૂક્ષ્મ છે. પુણ્ય-પાપ પરિણામમાં રોકાય તે ઉપયોગ સ્થૂલ છે. ૫૪૧.

● પ્રશ્ન : ઉપયોગ સૂક્ષ્મ કેમ થાય ?

ઉત્તર : અંદરમાં આત્મવસ્તુ અચિંત્ય સામર્થ્યવાળી પડી છે. તેની રુચિ કરે તો ઉપયોગ સૂક્ષ્મ થઈને અંદરમાં વળે છે. ૫૪૨.

● પ્રશ્ન :—પર્યાય દ્રવ્યથી ભિન્ન છે તો અનુભૂતિ તે જ આત્મા છે તેમ કહ્યું છે ને ?


ઉત્તર :—અનુભૂતિની પર્યાયમાં આત્મદ્રવ્યનું જ્ઞાન આવી જાય છે. દ્રવ્યનું સામર્થ્ય પર્યાયમાં આવી જાય છે. જેટલું દ્રવ્યનું સામર્થ્ય છે તે પર્યાયમાં જાણવામાં આવી જાય છે તે અપેક્ષાએ અનુભૂતિની પર્યાય તે જ આત્મા એમ કહ્યું છે. જો ધ્રુવ દ્રવ્ય ક્ષણિક પર્યાયમાં આવી જાય તો દ્રવ્યનો નાશ થઈ જાય તેથી દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. પણ દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે. તેથી અનુભૂતિને આત્મા કહ્યો છે. ૫૪૩

● સમયસાર ગાથા ૧૧માં પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કહી હતી. ત્યાં તો પર્યાયનો આશ્રય છોડાવવા પર્યાયને ગૌણ કરી અભૂતાર્થ કહી હતી. પણ પર્યાય સર્વથા નથી જ એમ નથી. અહીં ગાથા—૧૫માં તો જેમાં અબદ્ધસ્વરૂપ આત્મા અનુભવમાં આવ્યો તે પર્યાય મુખ્ય જ છે. તે પર્યાય જૈનશાસન છે. આહાહા ! મારું જે દ્રવ્ય વિકાર વિનાનું વીતરાગી તત્ત્વ છે એનું લક્ષ કરું છું ત્યાં પર્યાયમાં વીતરાગતા આવે છે. એ વેદનની પર્યાય મુખ્ય જ છે. દ્રવ્ય વેદનમાં આવતું નથી, પર્યાય વેદનમાં આવે છે એ વેદનની પર્યાય મારે મુખ્ય છે. તેને તું ગૌણ કરી નાખ એ નહિ ચાલે નાથ ! પૂર્ણાનંદનો નાથ જ્યાં જાણ્યો અને અનુભવમાં આવ્યો એને ગૌણ નહિ થાય હો ! એ તો તને દ્રવ્યનું લક્ષ—આશ્રય કરાવવા પર્યાયને ગૌણ કરી હતી પણ વેદન તો પર્યાયમાં મુખ્ય છે હો ! ભલે દ્રવ્યનો આશ્રય કરાવવા પરિણામને ગૌણ કર્યા પણ એ પરિણામ ક્યાં જતાં રહે ? એ પરિણામ અસ્તિરૂપ વેદાય તે ક્યાં જાય ? આહાહા ! આ તો આત્મા પોકાર કરે છે કે વીતરાગસ્વરૂપ જ મારું દ્રવ્ય છે તેનું લક્ષ કરતાં મને વીતરાગતા વેદનમાં આવે છે એ વેદન મને મુખ્ય છે. ૫૪૪.

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૨૨
અંક-૪ ● વર્ષ-૧૭

Posted at Songadh PO
Publish on 1-12-2022
Posted on 1-12-2022

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**